Tuesday 24, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૬૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖
વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

વલસાડ જિલ્લામાં ૨૨ વર્ષમાં ૯મું એન્કાઉન્ટર નોંધાયું

વર્ષ ૨૦૦૪થી ૨૦૦૬ દરમિયાન સાત એન્કાઉન્ટર, ૨૦૧૮માં એક આરોપીનું મોત અને ૨૦૨૬માં આરોપી ઘાયલ

(મનોજ ભંડારી દ્વારા)
દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૩ : વલસાડ જિલ્લા પોલીસના ઇતિહાસમાં ૨૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ વધુ એક પોલીસ એન્કાઉન્ટરની ઘટના નોંધાઈ છે. આ સાથે જિલ્લામાં પોલીસ એન્કાઉન્ટરની સંખ્યા નવ પર પહોંચી છે. અગાઉ વર્ષ ૨૦૦૪થી ૨૦૦૬ દરમિયાન માત્ર બે વર્ષના ગાળામાં સાત એન્કાઉન્ટર નોંધાયા હતા. ત્યારબાદ લાંબા અંતરાલ પછી વર્ષ ૨૦૧૮માં પોલીસ સાથેની અથડામણમાં એક આરોપીનું મોત થયું હતું. હવે ૨૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ થયેલા એન્કાઉન્ટરમાં આરોપી યુવરાજસિંહ ઘાયલ થયો છે.

વલસાડ જિલ્લા પોલીસના ઇતિહાસમાં વર્ષ ૨૦૦૪થી ૨૦૦૬નો સમયગાળો એન્કાઉન્ટરની ઘટનાઓને લઈને નોંધપાત્ર રહ્યો હતો. તે સમયે તત્કાલીન જિલ્લા પોલીસ અધિક્ષક અભય ચુડાસમાના કાર્યકાળ દરમિયાન એલસીબીના પીઆઈ તરીકે કે.જી. એરડા, વાપી વિભાગના ડીવાયએસપી તરીકે પી.કે. ચૌધરી અને એસઓજીના પીએસઆઈ તરીકે જીતેન્દ્ર યાદવ ફરજ બજાવતા હતા. આ અધિકારીઓના કાર્યકાળ દરમિયાન જિલ્લામાં સાત પોલીસ



એન્કાઉન્ટર થયાં હતાં.

વલસાડ જિલ્લાનું પ્રથમ એન્કાઉન્ટર ૨૬ નવેમ્બર, ૨૦૦૪ના રોજ વહેલી સવારે ભીલાડથી સંજાણ જતા માર્ગ પર થયું હતું. આ એન્કાઉન્ટરમાં સંજય સિંહ નામના આરોપીનું મોત થયું હતું. આરોપી પર રૂ. ૧૦૦ની ડુપ્લિકેટ ચલણી નોટો બનાવવાના તેમજ વાપીના એક વેપારી અને ટ્રાન્સપોર્ટરના પુત્રનું અપહરણ કરી હત્યા કરવાના ગંભીર ગુનાઓનો આરોપ હતો. તપાસ અર્થે તેને ઉમરગામ લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે પોલીસ સાથેની અથડામણમાં થયેલા ગોળીબારમાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

બીજું એન્કાઉન્ટર ૯ ઓક્ટોબર, ૨૦૦૫ના રોજ ભીલાડ ચેકપોસ્ટ નજીક થયું હતું. દાઉદ ઇબ્રાહિમના એક સમયના સાથી અને દાઉદ ગેંગ સાથે સંકળાયેલા સૌરાષ્ટ્રના હાજી ઈસ્માઈલનું પોલીસ સાથેની ગોળીબારમાં મોત થયું હતું. ત્યારબાદ ૨૫ ઓગસ્ટ, ૨૦૦૫ના રોજ ડુંગરિયા હિમલા મછરનું એન્કાઉન્ટર થયું હતું. આ ઉપરાંત ૧૩ જાન્યુઆરી, ૨૦૦૬ની રાત્રે વલસાડના નાનકવાડા વિસ્તારમાં લૂંટની ઘટના સંદર્ભે પોલીસ કાર્યવાહી દરમિયાન વધુ એક એન્કાઉન્ટર ૧૯ ફેબ્રુઆરી ૨૦૦૬ ના રોજ નોંધાયું હતું. જે વાપીથી છીરી તરફ જતા માર્ગ પર મગરુખાન અને છોટેલાલ નામના આરોપીઓ સાથે સંકળાયેલી એન્કાઉન્ટરની ઘટનાઓ પણ પોલીસના ઇતિહાસમાં નોંધાયેલી છે. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ અજય ચૌધરીનું એન્કાઉન્ટર થયું હતું. આ રીતે વર્ષ ૨૦૦૪થી ૨૦૦૬ દરમિયાન વલસાડ જિલ્લા પોલીસના ઇતિહાસમાં સાત એન્કાઉન્ટર નોંધાયાં હતાં. ત્યારબાદ ૨૬ નવેમ્બર ૨૦૧૮માં રાજુ મરાઠીના મૃત્યુ એન્કાઉન્ટર માં નોંધાયું હતું.

ત્યારબાદ હવે ૨૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ થયેલી પોલીસ કાર્યવાહી દરમિયાન આરોપી જુગરાજ સિંહ ઘાયલ થતાં વલસાડ જિલ્લા પોલીસના ઇતિહાસમાં એન્કાઉન્ટરની સંખ્યા નવ પર પહોંચી છે. હાલમાં વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે યુવરાજસિંહ જાડેજા ફરજ બજાવી રહ્યા છે. બે દાયકાથી વધુ સમયના આ પોલીસ એન્કાઉન્ટરના ઇતિહાસમાં વર્ષ ૨૦૦૪થી ૨૦૦૬નો સમયગાળો સૌથી વધુ ચર્ચાસ્પદ રહ્યો છે.

વલસાડ જિલ્લામાં અગાઉ થયેલા આઠ એન્કાઉન્ટર

૧. ૨૬ નવેમ્બર ૨૦૦૪ સંજયસિંગ નો પ્રથમ એકાઉન્ટર ભીલાડમાં
૨. ૯ ઓક્ટોબર ૨૦૦૫ હાજીહાજી ઈસ્માઈલ
૩ ૨૫ ઓગસ્ટ ૨૦૦૫ ડુંગરિયા હિમલા મચ્છેર
૪. ૧૩ જાન્યુઆરી ૨૦૦૬ જોગીન્દર સિંહ
૫. અને ૬ ૧૯ ફેબ્રુઆરી ૨૦૦૬ ના રોજ બે એકાઉન્ટર થયા હતા જેમાં મગરુખાન અને છોટેલાલ
૭. ૨૬ સપ્ટેમ્બર ૨૦૦૬ અજય ચૌધરી
૮. ૨૬ નવેમ્બર ૨૦૧૮ રાજુ મરાઠી





નવસારીમાં રૂા.૧૧.૫૭ કરોડના ખર્ચે DGVCLની ગ્રામ્ય અને શહેર વિભાગીય કચેરીનું ભૂમિપૂજન કરાયું

વીજળી ખેતી, ઉદ્યોગ, શિક્ષણ અને જનજીવનની પ્રગતિનું મહત્વપૂર્ણ માધ્યમ છે : નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ

(દમણગંગા ટાઈમ્સ)

નવસારી, તા.૨૩ : દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા નવસારી સીટી વિભાગીય કચેરી તથા નવસારી ગ્રામ્ય વિભાગીય કચેરી તેમજ કબીલપોર પેટા વિભાગીય કચેરીઓના પ્રસ્તાવિત નિર્માણ થનારા ભવનોનું ભૂમિપૂજન રાજ્યના નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈના વરદ્ હસ્તે સંપન્ન થયું હતું. બંને કચેરીઓનું રૂ. ૧૧.૫૭ કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવશે.





આ પ્રસંગે નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરદર્શી નેતૃત્વમાં દેશના વીજ ક્ષેત્રમાં માળખાકીય સુવિધાઓના આધુનિકીકરણ અને વીજ વિતરણ વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવવા સતત પ્રયાસો થઈ રહ્યા છે. વીજળી માત્ર સુવિધા નથી, પરંતુ ખેતી, ઉદ્યોગ, વેપાર, શિક્ષણ અને સામાન્ય જનજીવનની પ્રગતિનું મહત્વપૂર્ણ માધ્યમ છે. ગુજરાત વીજ ક્ષેત્રે દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે. વીજ ઉત્પાદન, વિતરણ અને માળખાકીય સુવિધાઓના વિકાસમાં રાજ્ય સરકાર સતત આયોજનબદ્ધ કામગીરી કરી રહી છે.

મંત્રી એ વધુમાં જણાવ્યું હતું કે, નવસારીમાં આધુનિક સુવિધાઓથી સજ્જ નવી કચેરીઓના નિર્માણ થવાથી કર્મચારીઓને સુવિધાજનક કાર્યપરિસર મળશે તેમજ વીજ ગ્રાહકોની સમસ્યાઓના ઝડપી અને અસરકારક નિરાકરણમાં મદદરૂપ થશે. નવસારી ગ્રામ્ય વિભાગીય કચેરી હેઠળના ૧૮૮ ગામોના કુલ ૧,૪૯,૯૧૯ વીજ ગ્રાહકો તેમજ નવસારી શહેર વિભાગીય કચેરી હેઠળના ૧૫ ગામો અને નવસારી મહાનગરપાલિકા વિસ્તારના કુલ ૧,૪૦,૭૭૬ વીજ ગ્રાહકોને આ નવી કચેરીઓના નિર્માણથી વધુ સારી, સુવિધાજનક અને ગુણવત્તાયુક્ત વીજ સેવાઓ પ્રાપ્ત થશે. આ નવી માળખાકીય સુવિધાઓ વીજ વિતરણ વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવાની સાથે ગ્રાહકોને સમયસર અને અસરકારક સેવા પૂરી પાડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં વીજળીની સુવિધા લોકોના જીવનધોરણમાં સુધારો લાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. વીજળીના કારણે શિક્ષણ, આરોગ્ય, ખેતી, નાના વ્યવસાયો અને રોજગારીની તકોને નવી દિશા મળે છે. સરકારનો હેતુ છેવાડાના માનવી સુધી વિકાસની સુવિધાઓ પહોંચાડવાનો છે. વીજ સંબંધિત ફરિયાદોનો સમયસર નિકાલ થાય અને લોકોને સેવાઓ મેળવવામાં મુશ્કેલી ન પડે તે માટે વીજ વિભાગે સંવેદનશીલતા અને જવાબદારી સાથે કામગીરી કરવી જોઈએ. નવી કચેરીઓના નિર્માણથી જિલ્લાના નાગરિકોને વધુ સુવિધાજનક અને ગુણવત્તાયુક્ત વીજ સેવાઓ મળશે.

આ પ્રસંગે નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે DGVCL સુરતના મેનેજિંગ ડિરેક્ટર કે.જે. રાઠોડે મહેમાનોનું સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. અંતે વલસાડ વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર ડી.સી. માહલાએ આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, જલાલપોરના ધારાસભ્ય આર.સી. પટેલ, જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની, મહાનગરપાલિકા કમિશનર જયેશ ઉપાધ્યાય, મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કેયૂરીબેન દેસાઈ, ડીજીવીસીએલના વિશેષ મુખ્ય ઈજનેર, એમ. એમ. પટેલ, અધિક્ષક ઈજનેર પી.એન.પટેલ, કાર્યપાલક ઈજનેર અંકુર એચ. પટેલ, નાયબ ઈજનેર કે.એમ. દલવાડી, જે.સી. પટેલ, ભુરાભાઈ શાહ સહિતના મહાનુભાવો અને વીજ કંપનીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૨૪-૧૧-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** કારતક સુદ ૧૫, **સૂર્યોદય :** ૦૭ : ૦૩ **સૂર્યાસ્ત** ૦૫ : ૪૯, **ચંદ્રોદય** - ૦૫:૨૯ **ચંદ્રાસ્ત** - ૦૭:૩૯ **ચંદ્ર રાશિ :** વૃષભ, **નક્ષત્ર** - કૃતિકા

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : અટકેલા નાણાં પરત મળવાની શક્યતા છે, પરંતુ વાણી પર સંયમ રાખવો જરૂરી છે. નાણાકીય સ્થિતિમાં સુધારો થવાની શક્યતા છે.

વૃષભ (બ, વ, ઉ) : આજનો દિવસ અટકેલા કામ પૂર્ણ કરવા માટે સારો રહેશે. નોકરી-ધંધામાં પ્રગતિ અને લાભની શક્યતા છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે.

મિથુન (ક, ઘ, ચ) : નવા લોકો સાથે મુલાકાત અને નવા સંપર્કોથી લાભ મળી શકે છે. કાર્યક્ષેત્રે તમારી મહેનતની નોંધ લેવાશે.

કર્ક (ડ, હ) : પરિવાર અને અંગત સંબંધો માટે આજનો દિવસ સારો રહેશે. કાર્યક્ષેત્રે નવી જવાબદારી મળી શકે છે.

સિંહ (મ, ટ) : આજે તમારી મહેનત અને નેતૃત્વની પ્રશંસા થઈ શકે છે. નોકરી અથવા વ્યવસાયમાં નવી તક મળી શકે છે. પરિવારમાં સુખદ વાતાવરણ રહેશે અને અચાનક ધન લાભ થઈ શકે છે.

કન્યા (પ, ઠ, ણ) : આયોજનપૂર્વક કામ કરશો તો આજે સારા પરિણામ મળશે. જૂનું અથવા અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે.

તુલા (ર, ત) : સામાજિક સમસ્યાઓનો ઉકેલ મળતો જણાશે. વ્યવસાયમાં નવી તક અથવા સારો સંપર્ક મળી શકે છે. નાણાકીય સ્થિતિમાં સુધારો થવાની શક્યતા છે.

વૃશ્ચિક (ન, ય) : આજે લાંબા સમયથી અટકેલું કામ આગળ વધી શકે છે. કાર્યક્ષેત્રે નવી જવાબદારી મળી શકે છે. નાણાકીય બાબતોમાં સાવચેતી રાખવી.

ધન (ભ, ધ, ફ, ઢ) : નવી તક અને પ્રવાસના યોગ બની શકે છે. નોકરી-ધંધામાં પ્રગતિ થવાની શક્યતા છે.

મકર (ખ, જ) : આજે કામમાં વ્યસ્તતા વધારે રહેશે, પરંતુ મહેનતનું પરિણામ મળશે. નાણાકીય આયોજન માટે દિવસ સારો છે.

કુંભ (ગ, સ, શ, ષ) : નવા વિચારોને અમલમાં મૂકવા માટે દિવસ સારો છે. કાર્યક્ષેત્રે સારા સમાચાર મળી શકે છે. આવકના નવા માર્ગો બની શકે છે.

મીન (દ, ચ, થ, ઝ) : આજે મન શાંત અને પ્રસન્ન રહેશે. કામમાં સારા પરિણામ મળવાની શક્યતા છે. નાણાકીય બાબતમાં સમજદારીથી નિર્ણય લેવો.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

મંગળવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

ચીખલીના સાદકપોર ગામે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીખલી, તા.૨૩ : ચીખલી તાલુકાના સાદકપોર નાની કોળી વાદ આયોજિત ત્રીજો બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન આજરોજ નાની કોળીવાડ ખાતે કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૫૫ બોટલ લોહીએકત્રિત કરવામાં આવ્યું હતું.. જેમાં નાની કોળી વાડ કુંભારવાડ. ભવાની ફળિયા. ડુંગરીફળિયા .ગોલવાડ.કણબીવાડ બામણીયા. કાળિયા ફળિયા અને ગામના અન્ય યુવક મિત્રો દ્વારા બ્લડ ડોનેશન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના અગ્રણી કિશોરભાઈ પટેલ, બાંધકામ સમિતિના માજી ચેરમેન દીપાબેન પટેલ, જિલ્લા પંચાયત સભ્ય કૌશિકભાઈ તાલુકા પંચાયત સભ્ય અનુમતિબેન માજી ગણદેવી સુગર ડિરેક્ટર સંજયભાઈ, ભરતભાઈ અને ખાસ ઉપસ્થિત રહેલા સેવાભાવી સોમુભાઈ વલસાડ હાજર રહ્યા. જેમાં દરેક બ્લડ ડોનેટ કરનારને અતુલ રૂરલ ફંડ દ્વારા હેલ્મેટ આપવામાં આવ્યું હતું.

જનજાતીય ગૌરવ સપ્તાહના ભાગરૂપે

બીલીમોરામાં મહિલા સભા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૨૩ : ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ઉજવાઈ રહેલા જનજાતીય ગૌરવ સપ્તાહના ભાગરૂપે બીલીમોરા સ્થિત સોમનાથ મહાદેવ મંદિર પરિસરના મોહનલાલ ચુનીલાલ શાહ સાંસ્કૃતિક ભવન ખાતે બુધવારે મહિલા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના પાત્ર લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે મંજૂરી હુકમો એનાયત કરાયા હતા. સભા દરમિયાન ભગવાન બિરસા મુંડાજીના



જીવનચરિત્ર, તેમના સંઘર્ષ અને આદિવાસી સમાજની અસ્મિતા તથા અધિકારોના રક્ષણ માટે આપેલા બલિદાનને યાદ કરવામાં આવ્યું હતું. તેમના સાહસ અને સ્વાભિમાનના આદર્શોને જીવનમાં ઉતારી સમાજના સર્વાંગી વિકાસમાં સહભાગી બનવા મહિલાઓને પ્રેરણા આપવામાં આવી હતી. આ ઉપરાંત, મહિલાઓના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે અમલી વિવિધ સરકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી છેવાડાની મહિલાઓ સુધી તેના લાભ પહોંચાડવા પર ભાર મૂકાયો હતો. વક્તાઓએ જણાવ્યું હતું કે શિક્ષણ અને સમાન તકો થકી આત્મનિર્ભર બનેલી મહિલાઓ પરિવાર, સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આ પ્રસંગે ગણદેવી તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન પટેલ, બીલીમોરા નગરપાલિકા પ્રમુખ મનીષ પટેલ, ગણદેવી પાલિકા પ્રમુખ અનિતા ભંડારી, નીરવ ટેલર, શાંતિલાલ પટેલ, પ્રગ્નેશ પટેલ, ઉર્વશી પાટીલ, સુમિત્રાબેન પટેલ સહિત વિવિધ સમિતિઓના સભ્યો, આગેવાનો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

નવસારી જિલ્લાના જોખમી સ્થળોએ અવરજવર તથા સેલ્ફી લેવા પર પ્રતિબંધ

નવસારી, તા.૨૩ : નવસારી જિલ્લામાં આવેલા જળાશયો અને જોખમી સ્થળોએ અકસ્માતો તથા ડૂબી જવાની દુર્ઘટનાઓ અટકાવવાના હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એન. એચ. પટેલ દ્વારા મળેલી સત્તાની રૂએ - તિબંધાત્મક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામા અન્વયે નવસારી જિલ્લાની હદમાં આવેલા તમામ નદી-નાળાં, કોતરો, ઓવારાઓ, તળાવો, સરોવરો, નહેરો, ડેમ, ચેકડેમ, દરિયાકિનારા, કોઝ-વે તથા પિકનિક સ્પોટ્સ જેવા જોખમી સ્થળોએ વરસાદ દરમિયાન અવરજવર કરવા પર -તિબંધ મૂકવામાં આવ્યો છે.

વધુમાં, આવા જોખમી સ્થળોએ મોબાઈલ ફોન કે કેમેરા દ્વારા સેલ્ફી લેવા, પાણીમાં ન્હાવા કે તરવા પડવા, પશુધન સાથે પસાર થવા તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પશુઓ ચરાવવા પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે.

મે. ઉમરગામના એડી. ચીફ જ્યુડિ. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. ઉમરગામ

ફો.પ.અ.નં.૩૮૪/૨૦૨૬

અરજદાર : જગદીશભાઈ ભીમાભાઈ દોહરા

વિરુધ્ધ

સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, તુંબ તા.ઉમરગામ, જી.વલસાડ

-: જાહેર નોટીશ :-

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના પિતા **ભીમાભાઈ વસ્યાભાઈ દોહરા**નું અવસાન તારીખ ૧૧/૦૫/૨૦૧૫ના રોજ મોજે પટેલપાડા, તુંબ ગામે, તા.ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત - ૩૯૬૧૭૦ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૦૯/૧૨/૨૦૨૬ના રોજ અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો.

આજ રોજ તા.૧૮ માહે ૧૧ સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- સીની. ક્લાર્ક | મુકાબલ કરનાર સહી/- આસિસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ઉમરગામ

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department

NOTICE INVITING TENDER

Selection of Consultant for Preparation of DPR and Consultancy Services for Development Of Government Secondary School Dudhani Campus.

For details please scan dnhtenders.nic.in e-bldg dnh@ddd.gov.in 0260 2642350

On line downloading start of tender documents	20.11.2026 @ 18.00 Hrs
* Pre-bid meeting	N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid	07.12.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid	07.12.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid	07.12.2026 @ 16.00 hrs. (if possible)

ID.No. 2026_UTDNH_8339_1

I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa

No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/795 Dtd.20/11/2026

NO.: IP/DMN/2/5/2026-27/665 DATED :23/11/2026

UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department

NOTICE INVITING TENDER

Selection of Consultant for Preparation of DPR and Consultancy Services for New Building at Government Higher Secondary School Dadra Campus

For details please scan dnhtenders.nic.in e-bldg dnh@ddd.gov.in 0260 2642350

On line downloading start of tender documents	20.11.2026 @ 18.00 Hrs
* Pre-bid meeting	N.A.
Last date & Time for Receipt of Bid/Uploading Bid	07.12.2026 @ 14.00 Hrs
Online Opening of Technical Bid	07.12.2026 @ 16.00 Hrs
On line opening of Price Bid	07.12.2026 @ 16.00 hrs. (if possible)

ID.No. 2026_UTDNH_8337_1

I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa

No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/795 Dtd.20/11/2026

NO.: IP/DMN/2/5/2026-27/664 DATED :23/11/2026

CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM **SHETTY ADITHI DIVAKAR** TO **ADITHI DIWAKAR SHETTY** WHICH PLEASE NOTE.

SD/-ADITHI DIWAKAR SHETTY

ADDRESS: FLAT NO 603, J1, WING-A, JAS LUXURIA, M.G.ROAD 1, NAROLI ROAD, SILVASSA- 396230 UT OF DADRA NAGAR HAVELI & DAMAN DIU

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૭૯/૨૦૨૬

કિ.પ.અ.નંબર - ૧૭૮૪/૨૦૨૬

અરજદાર : રેખાબેન મહેશભાઈ નાયકા

વિરુધ્ધ

સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કોસંબા, તા.જી.વલસાડ

સદરહુ કામે અરજદાર **રેખાબેન મહેશભાઈ નાયકા** રહે. વેરી ફળિયા, હરિયા, તા.જી.વલસાડના પિતા નામે **સ્વ. બાબુભાઈ સંપતભાઈ રાઠોડ**નું અવસાન તેમના મોજે. ગામ કોસંબા, તા.જી. વલસાડ મુકામે તા.૦૮/૧૦/૨૦૨૦ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૭૮૪/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.

જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો. તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડેન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૨/૨૦૨૬

કિ.પ.અ.નંબર - ૧૯૪૧/૨૦૨૬

અરજદાર : બાવીબેન બચુભાઈ પટેલ

વિરુધ્ધ

સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રારશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ઉંટડી, તા.જી.વલસાડ

સદરહુ કામે અરજદાર **બાવીબેન બચુભાઈ પટેલ** રહે. સુથારીયા ફળિયા, ઉંટડી, વલસાડ, તા.જી.વલસાડના સાસુ નામે **સ્વ. ઢેડીબેન કોયાભાઈ પટેલ**નું મરણ તેમના સુથારીયા ફળિયા, ઉંટડી, વલસાડ, તા.જી. વલસાડ મુકામે તા. ૨૦/૦૫/૧૯૬૪ના રોજ થયેલ છે. જેઓના મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૯૪૧/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.

જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો. તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડેન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૩/૨૦૨૬

કિ.પ.અ.નંબર - ૧૯૪૦/૨૦૨૬

અરજદાર : બાવીબેન બચુભાઈ પટેલ

વિરુધ્ધ

સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રારશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ઉંટડી, તા.જી.વલસાડ

સદરહુ કામે અરજદાર **બાવીબેન બચુભાઈ પટેલ** રહે. સુથારીયા ફળિયા, ઉંટડી, વલસાડ, તા.જી.વલસાડના સસરા નામે **કોયાભાઈ સુખાભાઈ પટેલ**નું મરણ તેમના સુથારીયા ફળિયા, ઉંટડી, વલસાડ, તા.જી. વલસાડ મુકામે તા. ૦૧/૦૮/૧૯૬૦ના રોજ થયેલ છે. જેઓના મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૯૪૦/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.

જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો. તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડેન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૦/૨૦૨૬

કિ.પ.અ.નંબર - ૧૯૧૨/૨૦૨૬

અરજદાર : ભાનુબેન કીકુભાઈ પટેલ

વિરુધ્ધ

સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત પારનેરા, તા.જી.વલસાડ

સદરહુ કામે અરજદાર **ભાનુબેન કીકુભાઈ પટેલ** રહે. ક્રિષ્ના વિજય સો મીલ પાસે, પારડી સાંઢપોર, વલસાડ, તા.જી.વલસાડના નાની નામે **સ્વ. જીવીબેન કારીયાભાઈ પટેલ**નું અવસાન તેમના મોજે. ગામ પારનેરા, તા.જી. વલસાડ મુકામે તા.૧૫/૧૧/૧૯૬૯ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૯૧૨/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.

જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો. તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડેન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

સુડોકુ નં.૩૭

4		1	9	6				
	5	9	8				4	
	2				1			
	4					5		1
	8	3				2	6	
7		5					3	
			1				8	
	9				4	6	5	
				2	7	9		4

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૩૬નો ઉકેલ

3	7	1	4	6	8	2	5	9
8	9	4	2	3	5	6	1	7
6	5	2	9	7	1	4	3	8
9	8	5	7	1	4	3	2	6
1	3	7	5	2	6	9	8	4
4	2	6	3	8	9	1	7	5
7	6	8	1	4	2	5	9	3
2	4	9	8	5	3	7	6	1
5	1	3	6	9	7	8	4	2

વલસાડમાં જિલ્લા સંકલન સમિતિની બેઠક મળી

જાહેર માર્ગો પર દબાણ કયારેય ચલાવી લેવાય નહીં : કલેકટર



● ગોવાડામાં ૫૦ વર્ષથી ખેડૂત ખેડતા હોય તો જમીન પુનઃ ખેડૂતોને હસ્તક કરવા રમણ પાટકરની રાવ ● ધરમપુર-નાનાપોંઢા રોડ પહોળો કરતી વેળા ૧૧ વાહનોને જપ્ત કરાતાં કામગીરી અટકી ગઈ હોવાનું જણાવી કાયદેસર કાર્યવાહી કરી વહેલી તકે વાહન મુક્ત કરવા ધારાસભ્ય અરવિંદભાઈની રજુઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠક જિલ્લા કલેકટર નિતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા રજુ કરાયેલા વિવિધ પ્રશ્નોની વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. કલેકટરાલયના સભાખંડમાં મળેલી બેઠકમાં ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકરે ઉમરગામ તાલુકાના ગોવાડા ગામે સર્વે નં. ૯૧૬ની જમીનના અરજદારનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, તેઓ ૯૫ વર્ષથી રહેતા આવ્યા છે અને કોઈ કારણસર જમીન સરકારી શીર પડતર બતાવે છે. આ પ્રકારે ઉમરગામ તાલુકામાં ઘણા ખેડૂતો અશિક્ષિત અને ખેતી કરે છે. તેમ છતાં તેમની જમીન સરકાર હસ્તક દાખલ કરી છે. આ પ્રકારની જમીન ૫૦ વર્ષથી ખેડૂત ખેડતા હોય તો જમીન પુનઃ ખેડૂતોને આપવા રજૂઆત કરી હતી, જેના જવાબમાં ઉમરગામના મામલતદારે જણાવ્યું કે, જમીન શીર પડતર હેડે ચાલતી હોય તો અરજદારને વાંધો હોય તો અપીલ રાહે દાદ મેળવી શકે છે.

ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે વલસાડના ફલધરા ગામમાં પર્યટન સ્થળ તરીકે જાણીતા જલારામધામમાં જલારામ જંયતીના દિવસે રાત્રિના ૯-૩૦ કલાકે ભજન સત્સંગ પોલીસ દ્વારા બંધ કરાવી દેવાતા ભકતોની લાગણી દુભાય હોવાની રજૂઆત કરી હતી, જે મામલે જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાએ કહ્યું કે, આ બાબતે મારુ ધ્યાન દોરવુ હતું, જેથી સમસ્યાનો ઉકેલ તુરંત લાવી શકયા હોત. ઉમરગામ ધારાસભ્ય એ તાલુકામાં વિવિધ સ્થળે મંજૂર થયેલી હાઈસ્કૂલ, છાત્રાલય અને સાયન્સ કોલેજનું કામ ચાલુ ન થવા અંગે રજૂઆત કરી હતી. જે અંગે કામગીરી ચાલુ થઈ હોવાનું કાર્યપાલક ઈજનેર જતીન પટેલે જણાવ્યું હતું. ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે હાલમાં ધરમપુરથી નાનાપોંઢા રોડ પહોળો કરવાની કામગીરી દરમિયાન ૧૧ વાહનોને જપ્ત કરવામાં આવ્યા હોવાથી કામગીરી અટકી ગઈ હોવાનું જણાવી કાયદેસર કાર્યવાહી કરી વહેલી તકે વાહન મુક્ત કરવા જણાવતા કલેકટર નિતિન સાંગવાને દંડનીય કાર્યવાહી કરી વાહનો મુક્ત કરાશે એમ જણાવ્યુ હતું.

વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે વલસાડ શહેરના વિવિધ માર્ગો પર દુકાનદારો દ્વારા બહાર મુકવામાં આવતા હોર્ડિંગ્સ, બેનર અને સ્ટેચ્યુના કારણે રસ્તા પર ટ્રાફિક જામ અને વાહન પાર્કિંગની સમસ્યાથી તમામ લોકો ત્રસ્ત થઈ ચૂક્યા છે ત્યારે આ મામલે પાલિકા અને પોલીસ દ્વારા એક બે દિવસ નહીં પરંતુ સતત કડક કામગીરી કરવા જણાવ્યું હતું, જે મામલે કલેકટર નિતિન સાંગવાને પાલિકાના ચીફ ઓફિસરને કડક શબ્દોમાં જણાવ્યું કે, જાહેર માર્ગ ઉપર દબાણ કયારેય ચલાવી લેવાય નહીં. આ મામલે માત્ર એક દિવસ નહીં પણ રોજે રોજ કામગીરી થવી જોઈએ અને ટીમ બનાવી કયારેક સરપ્રાઈઝ ચેકિંગ પણ થવુ જોઈએ, દુકાન બહારથી જે પણ સામાન ઉંચકો તે પરત પણ કરવો જોઈએ નહીં.

ભાગ - ૨ ની બેઠકમાં દર મહિનાના પ્રથમ રવિવારે જિલ્લા વહીવટી તંત્રના અધિકારી અને કર્મચારીઓ દ્વારા થતા સ્વચ્છતા અભિયાનની કામગીરીનું પ્રેઝન્ટેશન દ્વારા સમીક્ષા કરી હતી. જેમાં સફાઈ અભિયાન બાદ પણ વારંવાર જે તે સ્થળ ઉપર સ્થાનિક લોકો દ્વારા ગંદકી કરવામાં આવતી હોય તો તેવા લોકો સામે મોટી રકમમાં દંડનીય કાર્યવાહી કરવા માટે સૂચન કર્યુ હતું. જો દંડ ન ભરે તો તેઓની મિલકતમાં બોજો દાખલ કરવા સુધીની કાર્યવાહી કરવા કલેકટરે જણાવી આપણા વલસાડને સ્વચ્છ રાખવાની જવાબદારી સૌની છે એમ જણાવ્યુ હતું. ગંદકી થતી રોકવા માટે જાહેર જનતા ઉપર પણ અંકુશ લાગશે તો જ સ્વચ્છતા અભિયાન સાર્થક ગણાશે. જે માટે ગંદકી ફેલાવતા દુકાનદારોની દુકાન સીલ કરવા સુધીની કાર્યવાહી કરવી પડે તો પીછેહઠ નહીં કરવા કલેકટરએ સૂચન કર્યુ હતું. સંકલન બેઠકમાં આ સિવાય પણ વિવિધ પ્રશ્નોની ચર્ચાઓ કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વંદના મીણા, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સહિત સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનું સંચાલન નિવાસી અધિક કલેકટર કે.એસ.ડાભીએ કર્યું હતું.

'લાયબ્રેરી અન્ડર ધ સ્કાય' : વાપીની જ્ઞાનધામ સ્કૂલનો અનોખો પ્રયોગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૩ : શ્રીમતી સાન્દ્રા શ્રોફ જ્ઞાન ધામ શાળાએ વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યેનો પ્રેમ જાગૃત કરવા માટે ૨૧ નવેમ્બર ૨૦૨૬ ના રોજ શાળાના મેદાનમાં સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી ખુલ્લા હવામાં સાહિત્યિક કાર્યક્રમ સ્કાય નીચે પુસ્તકાલયનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે મહેમાન, વાપીની સાન્દ્રા શ્રોફ કોલેજ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ અને પ્રોફેસર ડૉ. દિનેશ સેલ્વમ એસ. ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. સેલ્વમે ઓપન-એર પુસ્તકાલયના ઉદઘાટન પ્રસંગે એક પ્રતીકાત્મક જાયન્ટ બુકનું અનાવરણ કરીને આ કાર્યક્રમનું સત્તાવાર ઉદ્ઘાટન કર્યું. પોતાના સંબોધનમાં, તેમણે સાહિત્યની પરિવર્તનશીલ શક્તિ પર ભાર મૂક્યો અને વિદ્યાર્થીઓને પુસ્તકોને જીવનભરના સાથી તરીકે સ્વીકારવા વિનંતી કરી. લાઇબ્રેરી ક્લબે લાઇબ્રેરી અંડર ધ સ્કાય પહેલની સફળતાપૂર્વક કલ્પના અને આયોજન કર્યું, જેમાં આશરે ૨,૫૦૦ પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યા. શાળાના ઉદાર અધ્યક્ષ શ્રીમતી સાન્દ્રા શ્રોફ દ્વારા પુસ્તકોનો આખો ખજાનો ભેટમાં આપવામાં આવ્યો હતો, જેમના ઉદાર કાર્યથી સમગ્ર જ્ઞાન ધામ સમુદાય માટે પુસ્તકોની દુનિયા ખુલી ગઈ.

આ કાર્યક્રમને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો, જેમાં સાન્દ્રા શ્રોફ કોલેજ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓ, વાલીઓ અને મુલાકાતીઓ સાથે ૨,૪૦૦ થી વધુ પુસ્તકો નવા ઘરો શોધી કાઢ્યા. આ પહેલે વાંચનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપ્યું, પુસ્તક માલિકીને પ્રોત્સાહન આપ્યું અને વ્યાપક શાળા સમુદાય માટે વાંચન સંસાધનો સુલભ બનાવ્યા. આચાર્ય સાહેબ અને શિક્ષકો સાથેની તેમની વાતચીતમાં, વિદ્યાર્થીઓએ તેમના મનપસંદ લેખકો દ્વારા પુસ્તકો શોધવા અંગે ઉત્સાહી પ્રતિસાદ શેર કર્યો.

તેઓએ કહ્યું કે પોતાની રુચિનું પુસ્તક પસંદ કરવાથી વાંચનનો આનંદ માણવામાં આવે છે અને તેમને વધુ વાંચવા માટે પ્રેરણા મળે છે. કાર્યક્રમનું સમાપન પ્રેરણાદાયક રીતે થયું, જેનાથી શાળા સમુદાયમાં વાંચન અને બૌદ્ધિક જિજ્ઞાસા માટે નવો ઉત્સાહ અને સફળતાપૂર્વક પ્રેરણા મળી હતી.

કપરાડામાં નવનિર્મિત મામલતદાર કચેરીનું બાંધકામમાં હલકી સામગ્રીનો આક્ષેપ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નાનાપોંઢા, તા. ૨૩ : સમસ્ત કપરાડા આદિવાસી સમાજના અગ્રણી જયેન્દ્ર ગાંવિતે મામલતદારને આવેદનપત્ર આપી તટસ્થ તપાસની માંગ કરી

કપરાડા તાલુકા મથકે હાલ નવનિર્મિત મામલતદાર કચેરીના મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે. ત્યારે આ બાંધકામની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. સમસ્ત કપરાડા આદિવાસી સમાજના અગ્રણી જયેન્દ્ર ગાંવિત દ્વારા આ મામલે મામલતદારને આવેદનપત્ર પાઠવી બાંધકામની ગુણવત્તા અંગે યોગ્ય તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, હાલે નિર્માણાધીન મામલતદાર કચેરીના મકાનમાં હલકી ગુણવત્તાના મટીરિયલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાની ફરિયાદ ઊઠી છે. એટલું જ નહીં, બાંધકામ દરમિયાન જરૂરી તકેદારીઓ રાખવામાં આવતી નથી અને ખાસ કરીને ચણતર સહિતના કામમાં પાણીનો યોગ્ય છંટકાવ પણ કરવામાં આવતો ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બાંધકામની ગુણવત્તા જળવાઈ રહે તે માટે સરકારી માર્ગદર્શિકા અને બાંધકામના નિયમોનું પાલન કરવું જરૂરી છે.

સરકારી કચેરીનું મકાન એ સામાન્ય બાંધકામ નથી, પરંતુ વર્ષો સુધી પ્રજાના ઉપયોગમાં આવનાર જાહેર મિલકત છે. આવા મહત્વપૂર્ણ મકાનના નિર્માણમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ ન થવી જોઈએ. તેમ છતાં આ બાબતે સ્થાનિક રાજકીય આગેવાનો દ્વારા પણ પૂરતું ધ્યાન આપવામાં આવતું ન હોવાની નારાજગી વ્યક્ત કરવામાં આવી છે.

જયેન્દ્ર ગાંવિતે તંત્ર સમક્ષ માંગ કરી છે કે બાંધકામની તાત્કાલિક સ્થળ તપાસ કરવામાં આવે, વપરાતા મટીરિયલની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે તેમજ જવાબદાર અધિકારીઓની હાજરીમાં સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવે. જો બાંધકામમાં કોઈ ક્ષતિ કે ગેરરીતિ જણાય તો જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.

જાહેર નાણાંમાંથી બનતી સરકારી ઈમારતનું બાંધકામ મજબૂત અને ગુણવત્તાયુક્ત બને તે માટે તંત્ર દ્વારા સત્વરે પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.

પારડીમાં સિક્યુરીટી ગાર્ડસની ભરતી કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : સુરક્ષા ક્ષેત્રે કાયમી રોજગારી (૬૦ વર્ષની ઉંમર સુધી) મેળવવાની સુવર્ણ તક! ભારત સરકારના પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઝ (રેગ્યુલેશન) એક્ટ (PSARA) ૨૦૦૫ અનુસાર અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (પ્લ્ય) ના નેજા હેઠળ, ભરતી પ્રક્રિયા ૨૭ નવેમ્બર થી ૩૦ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન, સવારે ૮ થી બપોરે ૧ વાગ્યા સુધી સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી (સ્થળ GIDC બાલદા ઈન્ડસ્ટ્રિયલ પાર્ક, તાલુકો પારડી, જિલ્લો વલસાડ) ખાતે યોજાશે. શિક્ષિત યુવાનોને આ સુવર્ણ તકનો સંપૂર્ણ લાભ લેવા અનુરોધ છે. પાત્રતાના માપદંડ ૧) શિક્ષણ માં ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ. ૨) ઉંમર ૧૮ થી ૪૫ વર્ષની વચ્ચે. ૩) ઊંચાઈ ૧૬૫ સેમીથી વધુ. ૪) વજન ૪૮ કિલોથી વધુ હોવું જોઈએ. ઉમેદવારો શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ હોવા જોઈએ. ભરતી માટે જરૂરી દસ્તાવેજો ૧) આધાર કાર્ડની નકલ; ૨) માર્કશીટની નકલ (૧૦મા/૧૨મા ધોરણની અથવા જ્ઞાતકની); ૩) પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફસ. ૪) ૫૦૦ની નોંધણી ફી (માત્ર પસંદગી પામેલા ઉમેદવારો માટે). ભરતી પ્રક્રિયા દરરોજ સવારે ૮ થી બપોરે ૧ વાગ્યા સુધી ચાલશે. ભરતી અધિકારી મહેશકુમાર સરતાપેએ વધુમાં વધુ યુવાનોને આ તકનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

ધોડીપાડામાં ભાજપાનું નૂતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ધારાસભ્ય રમણલાલ પાટકરે કાર્યકર્તાઓને આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખી અત્યારથી જ કમર કસવા હાંકલ કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૨૩ : ઉમરગામ તાલુકાના ધોડીપાડા સ્થિત સાંસ્કૃતિક હોલ ખાતે ૧૮૨ વિધાનસભા બેઠકના ભારતીય જનતા પાર્ટીના નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડૉ. નીરવ શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ભાજપ સંગઠનના હોદ્દેદારો, પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ સ્નેહમિલન કાર્યક્રમને વર્ચ્યુઅલ માધ્યમથી દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તથા ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માએ સંબોધન કર્યું હતું. તેમણે કાર્યકર્તાઓને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી સંગઠનને વધુ મજબૂત બનાવવા અને જનસેવાના કાર્યોમાં સક્રિય રહેવા પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકરે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ, પ્રજાલક્ષી કાર્યો તથા વિકાસલક્ષી કામગીરીની રૂપરેખા રજૂ કરી હતી. તેમણે સરકારની ઉપલબ્ધિઓ જનતા સુધી પહોંચાડવા સાથે આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને અત્યારથી જ સંગઠનના તમામ કાર્યકર્તાઓને સક્રિય બની કમર કસવા હાકલ કરી હતી.

ઉમરગામ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ ડૉ. નીરવ શાહે ઉપસ્થિત તમામ હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને જનપ્રતિનિધિઓને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો અને સંગઠનની એકતા તથા મજબૂતીનો સંદેશ આપ્યો હતો.

વલસાડ જિલ્લામાં સબસીડાઈઝ ખાતર વેચાણનો પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : ભારત સરકાર દ્વારા ખેડૂતોને સબસીડાઈઝ ખાતર સરળતાથી, પારદર્શક રીતે અને સમયસર ઉપલબ્ધ થાય તે હેતુથી FSAS (Fertilizer Sale Application System) એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. આ એપ્લિકેશનના માધ્યમથી ખેડૂતો રિટેલ સબસીડાઈઝ ખાતર વિક્રેતા અથવા સહકારી મંડળી પાસેથી ખાતર ખરીદતા પહેલાં મોબાઈલ દ્વારા ખાતરનું Pre-booking (અગાઉથી બુકિંગ) કરી શકશે.

વલસાડ જિલ્લામાં આ સિસ્ટમની અમલવારી તા. ૨૦-૧૦-૨૦૨૬થી શરૂ કરવામાં આવી છે. આ નવી ડિજિટલ વ્યવસ્થાથી ખાતર વિતરણ પ્રક્રિયામાં પારદર્શિતા વધશે, બિનજરૂરી ભીડમાં ઘટાડો થશે તેમજ ખેડૂતોને સમયસર ખાતર ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે.

જિલ્લાના તમામ ખેડૂતમિત્રોને પોતાની ખેડૂત નોંધણી કરાવી આ નવી એપ્લિકેશન મારફતે ખાતરની ખરીદી અંગેની માહિતી મેળવવા અને તેનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે. આગામી સમયમાં શરૂ થનારી પ્રી-બુકિંગ સુવિધાનો ઉપયોગ કરવા માટે પણ ખેડૂતોને માહિતગાર રહેવા જણાવાયું છે.ખેડૂતોને આ નવી વ્યવસ્થા અંગે જરૂરી માર્ગદર્શન અને સહાયતા આપવા માટે ખાતર વિક્રેતાઓ, સહકારી મંડળીઓ તથા ખેતીવાડી વિભાગ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. વધુ માહિતી માટે નજીકની તાલુકાની મદદનીશ ખેતી નિયામકની કચેરી અથવા જિલ્લા કક્ષાએ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)ની કચેરીનો સંપર્ક કરવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વાપીના લાયન મુકેશ પટેલે FDI ટ્રેનિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૩ : લાયન્સ ઈન્ટરનેશનલની પ્રતિષ્ઠિત ફેકલ્ટી ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ટ્રેનિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરીને લાયન મુકેશ પટેલ, પીડીજી એ વાપી સહિત સમગ્ર લાયન્સ પરિવારનું ગૌરવ વધાર્યું છે.

આ સિદ્ધિ બદલ તેમણે ડૉ. પી. સી. જોશી, આનંદજી, રાજ ભૈયા, દિપકભાઈ, કશ્મા જી અને ડીજી હેમલભાઈ તેમજ ડીજી ગિરવનભાઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ સિદ્ધિ સાથે લાયન મુકેશ પટેલે પોતાનું જ્ઞાન, અનુભવ અને નેતૃત્વ કૌશલ્ય સાથી લાયન્સ સભ્યો અને સમાજ સાથે વહેંચવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

તેઓ હંમેશા લીડરશીપ ડેવલપમેન્ટ, ગોલ સેટિંગ, કોમ્યુનિકેશન, ટીમ બિલ્ડિંગ, મેમ્બર રિટેન્શન, કોમ્યુનિટી સર્વિસ અને પર્સનલ ડેવલપમેન્ટ જેવા વિષયો પર લેક્ચર આપવા, ટ્રેનિંગ સેશન યોજવા અને પોતાની કુશળતા શેર કરવા તત્પર રહેશે.

કોઈપણ લાયન્સ ક્લબ, ડિસ્ટ્રિક્ટ કે સંસ્થા આમંત્રણ આપશે તો તેઓ શીખવા, નેતૃત્વ અને સમાજની ભલાઈ માટે પોતાનો સમય અને સેવાઓ સમર્પિત કરવા તૈયાર છે.

વાપીના બાપા સીતારામ આશ્રમ ખાતે તુલસી વિવાહ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૩ : વાપીના બલીઠા હાઈવે નજીક આવેલા મીની બગદાણા એવા બાપા સીતારામ આશ્રમ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ તુલસી વિવાહનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો, જેમાં હજારો ભક્તો ઉમટી પડ્યા હતા.

તુલસી વિવાહના આ કાર્યક્રમમાં ઠાકોરજી પરિવારમાં ભરવાડ સમાજ તરફથી તુલસી માતા પરિવારમાં અલ્પેશભાઈ કિકુભાઈ પટેલે ભવ્ય આયોજનમાં સિંહ ફાળો આપ્યો હતો.

બાપા સીતારામ આશ્રમ ટ્રસ્ટી મંડળ અને સેવક મંડળ દ્વારા ૧૦ હજારથી વધુ ભક્તોને મહાપ્રસાદમાં શાક, રોટલી, ભજીયા અને ફૂટસેલાડ ખવડાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંજે ૭ થી રાત્રે ૯ વાગ્યા સુધી ઘોર રાસનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન ઠાકોરજીની જાનમાં હજારો ભક્તો મન મૂકીને નાચ્યા હતા.સમગ્ર આશ્રમ પરિસરને ફૂલો અને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. તુલસી માતા અને ઠાકોરજીના લગ્નના દર્શન કરવા માટે સવારથી જ ભક્તોની ભીડ જોવા મળી હતી. વૈદિક મંત્રોચ્ચાર સાથે લગ્ન વિધિ સંપન્ન થઈ હતી. ત્યારબાદ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. ભરવાડ સમાજ સહિત અનેક સમાજના લોકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. ટ્રસ્ટી મંડળ દ્વારા ભક્તો માટે પાણી, બેસવાની વ્યવસ્થા અને પાર્કિંગની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

સેવક મંડળના યુવાનોએ દિવસભર સેવા આપી હતી. રાત્રે ઘોર રાસમાં મહિલાઓ, યુવાનો અને વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભક્તિમય વાતાવરણમાં સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો. આયોજનને સફળ બનાવવા બદલ ટ્રસ્ટી મંડળ અને સેવક મંડળનો ભક્તોએ આભાર માન્યો હતો.

અતુલ લિમિટેડની સી.એસ.આર. શાખા 'અતુલ ફાઉન્ડેશન' દ્વારા સંચાલિત

પારડીની એકલવ્ય મોડેલ સ્કુલના ૬ વિદ્યાર્થીઓનું રાષ્ટ્રપતિ ભવનમાં સન્માન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : અતુલ લિમિટેડની સી.એસ.આર. (CSR) શાખા 'અતુલ ફાઉન્ડેશન' દ્વારા સંચાલિત એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS), પારડી (અતુલ વિદ્યામંદિર) એ શિક્ષણ અને આદિવાસી વિદ્યાર્થીઓના સશક્તિકરણ ક્ષેત્રે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. શાળાના ગત વર્ષની બેચના છ તેજસ્વી પૂર્વ વિદ્યાર્થીઓને દેશના સર્વોચ્ચ બંધારણીય સ્થાન એવા 'રાષ્ટ્રપતિ ભવન' ખાતે આયોજિત વિશેષ સંવાદ સત્રમાં ભાગ લેવાનું અને સન્માનિત થવાનું બહુમાન પ્રાપ્ત થયું છે. 'જનજાતીય ગૌરવ પખવાડિયા' (Tribal Pride Fortnight) ની ઉજવણીના ભાગરૂપે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગરિમામય પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી, કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી જુઅલ ઓરામ અને આદિજાતિ બાબતોના રાજ્ય મંત્રી દુર્ગા દાસ ઉઈકે વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં દેશભરની વિવિધ EMRS સંસ્થાઓના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અતુલ ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ EMRS પારડી (અતુલ વિદ્યામંદિર) આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉજ્જવળ તકો પૂરી પાડીને સતત આગળ વધારી રહ્યું છે. શાળાના વિદ્યાર્થીઓને રાષ્ટ્રપતિ ભવન માં સન્માનિત થતા જોવા એ શાળા પરિવાર તેમજ સમગ્ર અતુલ સમૂહ માટે અત્યંત ગર્વ અને આનંદની વાત છે.

વલસાડના લીલાપોરની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે કૌશલ્ય દીક્ષાંત સમારોહ યોજાયો



વલસાડ, તા.૨૩ : વલસાડના લીલાપોર સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા(આઈ.ટી.આઈ.) (મહિલા) ખાતે દીક્ષાંત સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૮ ટ્રેડના ૧૩૨ તાલીમાર્થીઓને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત એલ્કોમ લી.ના ઈન્ડસ્ટ્રી પાર્ટનર પ્રસાદ ગંગાવકરે જણાવ્યું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં ટેકનિકલ શિક્ષણ અને કૌશલ્ય વિકાસનું ખૂબ જ મહત્વ છે. ITI જેવી સંસ્થાઓ યુવાનોને વિવિધ વ્યવસાયલક્ષી ટ્રેડમાં તાલીમ આપી રોજગારલક્ષી અને આત્મનિર્ભર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દીક્ષાંત સમારોહ દરમિયાન તાલીમ પૂર્ણ કરનાર ૮ ટ્રેડ (૧) કમ્પ્યુટર ઓપરેટર એન્ડ નેગ્રામીંગ આસિસ્ટન્ટ, (૨) વેલ્ડર, (૩) ફીટર, (૪) વાયરમેન, (૫) સુઈંગ ટેકનોલોજી, (૬) કોસ્મેટોલોજી, (૭) થ્રી ડી પ્રિન્ટીંગ અને (૮) કમ્પ્યુટર હાર્ડવેર ના કુલ ૧૩૨ તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. તાલીમાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

દમણગંગા ટાઇમ્સ

મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Tuesday 24, November 2026
દમણગંગા ટાઇમ્સ

વિશેષ વાંચન

રાજેન્દ્ર તો આ ચાલ્યા...

જશવંત રાવલ
તંત્રીશ્રી, નયા પડકાર આણંદ



લલિત લવંગીના કોમલ સ્કંધે માથું ઢાળી ગેબથી ગિરીરવ સાંભળતાં સાંભળતાં કવિવર નીજમાં પોઢી ગયા...

ક્યારેક પોઠ ભરીને અંધારું લઈ આવ્યા તા,પણ ઠાલવ્યાં તો અજવાળાંનાં પોટલાં ગઝલ દેશે, કવિતા પ્રદેશે.

તસવીર મૂકી છે એવા વેશે પહેલીવાર વિદ્યાપીઠ નજીક સિંગોડાં તોળાવતા દીઠા હતા. કાપ્યા વિનાનાં સિંગોડાંની માંગ કરનાર સામે વેચનારીય બે ઘડી જોઈ રહી હતી. બાપજી મારાજ, કાપવાં નહીં ફાવે. કિરમજી ઝભ્ભો, ખેસ અને વધેલાં કેશ-દાઢીએ એ બિચારી એમને સાધુ-બાવા સમજી બેઠેલી. પાસે ઉભેલા ચંદ્રકાંત શેઠે(લગભગ) મરકીને કહ્યું બાપજી નથી,કવિ છે. વેચવાવાળી વિદ્યાપીઠ આગળ પાથરણું કરતી,ભણાવતી થોડી હતી! એને તો લાગ્યું કે હશે કે બાવાને આવા કવિ કહેતા હશે.

કવિ ડોલતા ડોલતા વિદ્યાપીઠના મ.દે.મહાવિદ્યાલયના બીજા મજલે ક્ષીરસાગરમાં પ્રવેશતા હોય એમ ગાદી તકિયે પુસ્તકો પાછળ માંડ દેખાતા શ્વસુર સન્મુખ થઈ ઉત્તર મુખે જમાવતા.આ દ્રશ્ય ભારે મનોહર રહેતું.જોનારને નિ આનંદ આવે. આવા આનંદના ભોગી થવાયું છે.

અલગારી તો ખરા ને પાછા અલ્લડ.ફક્કડ.પોતાને ફાવે એ દુનિયાદારી.એકદા એક લગ્નમાં આવેલા.સાજન માજન તો હોલમાં જતું રહ્યું. દરવાજે કરેલી અટપટી રંગોળીનો ભેદ ઉકેલવા ત્યાં જ ઉભડક બેસી ગયા. લગનમાં આવ્યો જાનૈયો, રંગોળીની લીટીઓ જોઈ મલકાતો કોઈ વહેવારીયો થોડો હોય, એ ફકીરી અલમસ્ત જ હોય. આમ જ શબ્દના ભેદ અને ભરમ એ ખોળતા રહ્યા.ને એટલે જ સાદા લાગતા શબ્દમાં એવી તો ફૂંક મારે કે અર્થોની લંગાર લાગે. કળાય તો કળાય. ગઝલ અરબી, ફારસીની ઓશિયાળી શીદ ભરપૂર સંસ્કૃતવાળી ગઝલ ઉતારી એમણે મ્હેણું ભાંગ્યું. ગઝલના સુરાહીમાં ઈશકની જ સુરા નહીં, હકીકીનો અમલ ઘૂંટીને ભર્યો. સાધુ અફીણ ઓગાળે તો ય અમરત બને. ગઝલને એમણે સૂક્ત સમ કરી.

એ કવિ જ ન હતા. કવિ માનુષ હતા. જ્ઞાનથી એ ગંભીર રહેતા પણ જ્ઞાન આપવામાં રમૂજી થતા.ધારદાર કટાક્ષ ગમતી વાતની જેમ કરતા. એક વાર એક સાહિત્યકારે ચંદ્રક મેળવેલો(મેળવેલો બે વાર વાંચો.) એમણે નાનકડી ઉજાણી રાખેલી. ચંદ્રક પ્રાપ્ત મનવર કરવા આવ્યા ને આગળ વધી ગયા પછી કવિની બાજુમાં બેઠેલાએ પૂછ્યું આમનો ચંદ્રક ક્યાં? કવિ ઠાવકાઈથી વદ્યા, ચંદ્રક તો આ ખીચડીમાં ઘી સાથે ચોળાય છે. જો કે યજમાન ન સંભળાય એટલા આગળ નીકળી ગયેલા.

છેલ્લે થોડું ઓછું સંભળાય છે એવું એમને લાગતું. અંદર જ શબ્દનો કોલાહલ થતો હોય ત્યાં બહારથી શું સંભળાય.

વિરક્ત હતા,પણ સશક્ત વિરક્તિ.આસક્ત હતા પણ સાવ તકલાદી આસક્તિ. લ્યો, અમે તો આ ચાલ્યા કહી એ તો ગિરનારની પેલી પા ઉતરી ગયા. હવે શબ્દો એ મૂકી ગયા એ હોંકારો દેશે. શબદ સભર સુરાહી આપણને સોંપી ચાલ્યા.

ગુરુ નાનક દેવજી : માનવતા, સમાનતા અને સત્યના માર્ગદર્શક



ભારતની પવિત્ર ધરતી પર અનેક મહાન સંતો, મહાત્માઓ અને ગુરુઓએ જન્મ લઈને સમગ્ર માનવજાતને સત્ય, પ્રેમ, શાંતિ અને માનવતાનો માર્ગ બતાવ્યો છે. આવા મહાન સંતોમાં શીખ ધર્મના સ્થાપક અને પ્રથમ ગુરુ શ્રી ગુરુ નાનક દેવજીનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેમણે પોતાના જીવન અને ઉપદેશો દ્વારા સમાજમાં ફેલાયેલી અંધશ્રદ્ધા, ભેદભાવ, જાતિવાદ અને ઊંચ-નીચની ભાવનાનો વિરોધ કર્યો હતો. તેમનો સંદેશ માત્ર એક ધર્મ પૂરતો સીમિત નહોતો, પરંતુ સમગ્ર માનવજાત માટે પ્રેરણારૂપ હતો.

શ્રી ગુરુ નાનક દેવજીનો જન્મ ૧૫ એપ્રિલ, ૧૪૬૯ના રોજ હાલના પાકિસ્તાનમાં આવેલા તલવંડી ગામમાં થયો હતો, જેને આજે નનકાણા સાહિબ તરીકે ઓળખવામાં આવે છે. તેમના પિતાનું નામ મહેતા કાલુજી અને માતાનું નામ માતા તૃપ્તાજી હતું. બાળપણથી જ નાનકજીનું મન આધ્યાત્મિક વિચારો, ઈશ્વરની ભક્તિ અને માનવસેવામાં લાગેલું હતું.

નાનપણથી જ તેઓ સામાન્ય બાળકોથી અલગ સ્વભાવ ધરાવતા હતા. તેઓ ગરીબો અને જરૂરિયાતમંદોને મદદ કરતા અને દરેક વ્યક્તિ સાથે પ્રેમથી વર્તતા હતા. તેમને ધર્મના સાચા અર્થ અને ઈશ્વરની એકતામાં ઊંડો વિશ્વાસ હતો.

ગુરુ નાનક દેવજીએ સમગ્ર દુનિયાને એક મહાન સંદેશ આપ્યો હતો - ઈશ્વર એક છે અને તે દરેક જીવમાં વસે છે. તેમણે સમજાવ્યું કે ભગવાનને મેળવવા માટે માત્ર બાહ્ય દેખાવ, ધાર્મિક વિધિઓ કે અંધશ્રદ્ધાની જરૂર નથી, પરંતુ શુદ્ધ મન, સારા કર્મ અને સાચી ભક્તિ જરૂરી છે.

તેમનો પ્રસિદ્ધ સંદેશ એક ઓંકાર શીખ ધર્મનો મૂળ આધાર છે. તેનો અર્થ છે કે સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર એક જ પરમાત્મા છે. કોઈ વ્યક્તિ ધર્મ, જાતિ, ભાષા કે રંગના આધારે નાની કે મોટી નથી.

તે સમયના સમાજમાં જાતિભેદ, અસ્પૃશ્યતા અને ઊંચ-નીચની ભાવના ખૂબ જ પ્રચલિત હતી. ગુરુ નાનક દેવજીએ આ ભેદભાવનો સખત વિરોધ કર્યો હતો. તેમણે શીખવ્યું કે દરેક માનવી સમાન છે અને દરેકને સન્માનપૂર્વક જીવવાનો અધિકાર છે.

તેમણે સ્ત્રીઓનું પણ સન્માન કરવાનું શીખવ્યું. તેમના વિચારો મુજબ સમાજમાં સ્ત્રી અને પુરુષ બંનેનું સમાન મહત્ત્વ છે. કોઈ વ્યક્તિને તેના જન્મ કે સામાજિક સ્થિતિના આધારે ન્યાય આપવો યોગ્ય નથી.

ગુરુ નાનક દેવજીએ માનવજીવનને સફળ બનાવવા માટે ત્રણ મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો આપ્યા હતા.

નામ જપો હંમેશાં ઈશ્વરનું સ્મરણ કરો અને મનને સારા વિચારો સાથે જોડો, કિરત કરો ઈમાનદારી અને મહેનતથી જીવનનિર્વાહ કરો. કોઈની સાથે છેતરપિંડી ન કરો, વંડ છકો પોતાની કમાણી અને ભોજનમાંથી જરૂરિયાતમંદો સાથે વહેંચીને ખાઓ અને બીજાની મદદ કરો. આ ત્રણ સિદ્ધાંતો આજે પણ માનવજીવનને યોગ્ય દિશા આપે છે.

ગુરુ નાનક દેવજીના વિચારોમાંથી પ્રેરિત થઈને શીખ પરંપરામાં લંગરની મહાન પરંપરાને વિશેષ મહત્ત્વ મળ્યું. લંગરમાં કોઈપણ જાતિ, ધર્મ, અમીર કે ગરીબ વ્યક્તિ ભેદભાવ વગર એકસાથે બેસીને ભોજન કરી શકે છે. આ પરંપરા આપણને શીખવે છે કે સાચી સેવા એ છે જેમાં કોઈ અપેક્ષા વગર બીજાની મદદ કરવામાં આવે. આજે પણ વિશ્વભરના ગુરુદ્વારાઓમાં લાખો લોકોને મફત ભોજન આપવામાં આવે છે. આ માનવતાની જીવંત મિસાલ છે.

ધરમપુરનું ૧૪૦ વર્ષ જુનું ગ્રંથાલય ડિજિટલ યુગમાં પણ યુવાવર્ગનું આકર્ષણ

વર્ષ ૨૦૧૧થી અત્યાર સુધીમાં વર્ગ-૧થી વર્ગ-૩ સુધીની વિવિધ સરકારી જગ્યાએ ૧૦૧ યુવક-યુવતીઓને મળી સરકારી નોકરીની ભેટ : ગરીબ અને આદિવાસી યુવાધનના ઉજ્જવળ ભવિષ્ય માટે પરીક્ષાના સમયે સવારે ૮થી સાંજે ૦૬ સુધી ખુલ્લી રહે છે લાઈબ્રેરી









(દમણગંગા ટાઈમ્સ)

વલસાડ, તા. ૨૩ : આજના ડિજિટલ યુગમાં યુવાધન મોબાઈલમાં રચ્યુંપચ્યું રહેતું હોવાથી વાંચનનું પ્રમાણ ઘટી રહ્યું છે. ત્યારે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાની એક એવી લાઈબ્રેરી કે, જ્યાં વાંચન માટે યુવાધનની સવારથી જ લાઈન લાગે છે. અહીંનું દ્રશ્ય જોઈ એવુ લાગે કે, સોશિયલ મીડિયાની દુનિયા ભૂલીને યુવાધન વાંચનમાં મસ્ત બન્યુ છે. સરકારી નોકરી મેળવવાની ઈચ્છા ધરાવતા યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીમાં લાઈબ્રેરી મહત્વની ભૂમિકા ભજવે છે. ધરમપુર નગરપાલિકા સંચાલિત ૧૪૦ વર્ષ જુની શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરીએ યુવાધનને સફળતાનાં શિખરો સર કરવા પાંખો આપી છે. આ લાઈબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરીને અત્યાર સુધીમાં ૧૦૧ યુવક-યુવતીઓએ સરકારી નોકરી મેળવી પોતાનાં સપનાં સાકાર કર્યા છે અને અન્ય યુવાનોને પ્રેરણા આપી છે, સાથે જિલ્લાનું ગૌરવ પણ વધાર્યું છે.

ધરમપુર નગરી એટલે રજવાડી નગરી. અહીંની મોટાભાગની પ્રજા આદિવાસી હતી. જેથી આ વિસ્તારમાં નિરક્ષરતા દૂર કરવાના હેતુથી રાજવી માહારાણા શ્રી નારણદેવજીએ ૧૪૦ વર્ષ પહેલા એટલે કે, તા. ૦૧/૧૦/૧૮૮૬ના રોજ આ લાઈબ્રેરીની સ્થાપના કરી હતી. દેશ આઝાદ થયા બાદ ધરમપુર રાજ્યનું વિલીનીકરણ થયું અને વર્ષ ૧૯૫૨થી આજદિન સુધી આ લાઈબ્રેરીનો વહીવટ ધરમપુર નગરપાલિકા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવી રહ્યો છે. ૧૪૦ વર્ષ જૂની આ લાઈબ્રેરી આજે વલસાડ જિલ્લાની ધરોહર સમાન બની છે. તેની ઝળહળતી સફળતાથી સમગ્ર જિલ્લો ગૌરવ અનુભવી રહ્યો છે. આ લાઈબ્રેરીના ગ્રંથપાલ નિમેષભાઈ ભટ્ટ જણાવે છે કે, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવક-યુવતીઓ માટે ધરમપુરની આ લાઈબ્રેરી આશીર્વાદ સમાન છે. અહીં મળતી સુવિધાઓને કારણે વલસાડ જિલ્લા ઉપરાંત નવસારી જિલ્લાના ખેરગામ અને વાંસદા તાલુકાના સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો પણ વાંચન માટે આવે છે. દરરોજ ૧૦૦થી વધુ ઉમેદવારોની અવરજવરને કારણે લાઈબ્રેરી સતત ધમધમતી રહે છે. વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ પરીક્ષાલક્ષી પુસ્તકો- ન્યૂઝ પેપરો પણ મંગાવી આપવામાં આવે છે. કુલ ૧૯ હજાર પુસ્તકોના સમૃદ્ધ સંગ્રહ સાથે આ લાઈબ્રેરી વાચકો માટે જ્ઞાનનો ભંડાર બની છે.

ધરમપુર નગરપાલિકાના પ્રમુખ મયંકભાઈ મોદીએ જણાવ્યું કે, લાઈબ્રેરીનો નિયમિત સમય સરકારી સમય મુજબ હોય છે. જોકે, ગરીબ અને આદિવાસી યુવાધનનું ભવિષ્ય ઉજ્જવળ બને, તેમનાં સપનાં સાકાર થાય અને તેઓ સરકારી નોકરી મેળવી શકે તે હેતુથી પરીક્ષાના સમયે વાચકોની માંગ અનુસાર રજાના દિવસોમાં ખુલ્લી રાખવામાં આવે છે. આ લાઈબ્રેરીમાં વાંચન કરીને વર્ષ ૨૦૧૧થી અત્યાર સુધીમાં કુલ ૧૦૧ યુવક-યુવતીઓએ સરકારના વિવિધ વિભાગોમાં વર્ગ-૧થી લઈને વર્ગ-૩ સુધીની વિવિધ જગ્યાઓ પર સરકારી નોકરી મેળવી છે, જે સમગ્ર ધરમપુર માટે ગૌરવની વાત છે. ધરમપુરમાં સાહિત્યિક પ્રવૃત્તિઓને વેગ મળે તે હેતુથી લાઈબ્રેરીના વાચકો દ્વારા સાહિત્ય પ્રભાતની રચના કરવામાં આવી છે. આ સંસ્થા દર વર્ષે સાહિત્યના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે.

આમ, સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોની સાથે સાહિત્યરસિકો માટે પણ આ લાઈબ્રેરી લોકપ્રિય બની છે.

આ લાઈબ્રેરીમાં વાંચન કરીને કોન્સ્ટેબલ બન્યો, હવે પીઆઈ માટે તૈયારી ચાલુ : રાજેશ પવાર

ધરમપુરના ખટાણા ગામના રાજેશ પવાર જણાવે છે કે, આ લાઈબ્રેરીમાં વાંચન કરીને મને પોલીસ કોન્સ્ટેબલની નોકરી મળી છે. જોકે, મારું લક્ષ્ય પીઆઈ અથવા પીએસઆઈ બનવાનું હોવાથી હજુ પણ મારી તૈયારી ચાલુ છે. મારું સપનું સાકાર કરવામાં ધરમપુરની આ લાઈબ્રેરી સતત મદદરૂપ થઈ રહી છે. હું દરરોજ સવારે ૮ વાગ્યે લાઈબ્રેરીમાં આવી જાઉં છું અને સાંજે ૬ વાગ્યા સુધી વાંચન કરું છું. અહીં દરેક વાચક માટે અલગ ડેસ્કની વ્યવસ્થા હોવાથી શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષાની તૈયારી કરી શકાય છે.

અહીં વાંચન કરીને વીજ કંપનીમાં ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટની નોકરી મળી : મેહુલ પટેલ

ધરમપુરની લાઈબ્રેરીમાં વાંચન કરીને આજે ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ તરીકે ખેડા ખાતે ફરજ બજાવતા વલસાડના ફલધરા ગામના મેહુલ પટેલ અને ગુજરાત સરકારના ગૃહ વિભાગ હેઠળ કાકરાપાર અણુમથકમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા ધરમપુરના ઓઝરપાડાના વિમલ પટેલ જણાવે છે કે, ઘર નજીક હોવા છતાં બપોરે જમવા જવા માટે સમય બગાડે નહીં તે માટે અમે સાથે ટિફિન લઈને આવીએ છીએ. આ લાઈબ્રેરીમાં સતત એક વર્ષ સુધી તૈયારી કરીને અમે અમારાં સપનાં સાકાર કર્યાં છે. રજાના દિવસે પણ લાઈબ્રેરી ચાલુ રહેતી હોવાથી અમને પરીક્ષાની તૈયારીમાં ઘણો લાભ મળ્યો હતો.

રજાના દિવસે પણ અમારા માટે લાઈબ્રેરી ચાલુ રહે છે : નિરાલી ગાંવિત

ધરમપુર તાલુકાના ખટાણા ગામની ૨૭ વર્ષીય નિરાલી ગાંવિતે જણાવ્યું કે, હું સ્ટાફ નર્સની નોકરી મેળવવા માટે પરીક્ષાની તૈયારી કરી રહી છું. અમારા ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ લાઈબ્રેરી રજાના દિવસે પણ ચાલુ રાખવામાં આવે છે. અહીં શૌચાલય અને ગાર્ડન જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. અમે ઘરેથી ટિફિન લઈને આવીએ છીએ અને સવારથી સાંજ સુધી અહીં જ બેસીને વાંચન કરી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરીએ છીએ.

સિવિલ સર્વિસની પ્રિલિમ્સ અને મેઇન્સ પાસ કરી પાંચ વખત ઇન્ટરવ્યૂ સુધી પહોંચ્યો : પ્રમોદ યાદવ

ધરમપુરના હાથીખાનાના રહીશ અને સિવિલ સર્વિસિસની તૈયારી કરતા ૩૦ વર્ષીય પ્રમોદ યાદવે જણાવ્યું કે, હું લાઈબ્રેરીમાં સવારથી મોડી સાંજ સુધી વાંચન કરું છું. આ લાઈબ્રેરીમાં મેં સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી આશરે ૨૦૦ પુસ્તકોનું વાંચન કર્યું છે. અગાઉ લાઈબ્રેરીમાં ધ હિન્દુ અને ઇન્ડિયન એક્સપ્રેસ અખબારો આવતાં ન હતાં. આ અંગે લાઈબ્રેરિયન નિમેષભાઈને રજૂઆત કરતાં હવે બંને અખબારો નિયમિત આવે છે. અગાઉ મને ક્લાર્ક તરીકે સરકારી નોકરી મળી હતી, પરંતુ યુપીએસસી અને જીપીએસસીની તૈયારીમાં ખલેલ પડતા મેં નોકરીમાંથી રાજીનામું આપી દીધું હતું. અત્યાર સુધીમાં સિવિલ સર્વિસિસની પ્રિલિમ્સ અને મેઇન્સ પરીક્ષા પાસ કરીને પાંચ વખત ઇન્ટરવ્યૂ આપવા માટે દિલ્હી સુધી પહોંચ્યો છું. મારાં સપનાં સાકાર કરવા માટે હજુ પણ પ્રયત્નો સતત ચાલુ છે.

ધરમપુરની આ લાઈબ્રેરી અને લાયબ્રેરિયનને અનેક એવોર્ડથી સન્માનિત



ગુજરાત સરકારના ગ્રંથાલય વિભાગ દ્વારા આ લાઈબ્રેરીને દર વર્ષે ગ્રાન્ટની સાથે પુસ્તકો પણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૪માં લાઈબ્રેરીના પુસ્તકોનું કમ્પ્યુટરાઈઝેશન પણ કરવામાં આવ્યું હતું. લાઈબ્રેરીની શ્રેષ્ઠ કામગીરીને પગલે ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪માં નગર કક્ષા-૧ લાઈબ્રેરી વિભાગમાં શ્રેષ્ઠ લાઈબ્રેરીનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૨૩માં સર્વશ્રેષ્ઠ બાળ લાઈબ્રેરીનો એવોર્ડ પણ એનાયત થયો હતો. આ ઉપરાંત લાઈબ્રેરીના ગ્રંથપાલ નિમેષ ભટ્ટને પણ બે વખત સર્વશ્રેષ્ઠ ગ્રંથપાલનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

ધરમપુરની નારણદેવજી લાઈબ્રેરીનું ગૌરવ વધારતા યુવાધન

(૧) આયુષી જી. પટેલ, આસિસ્ટન્ટ કમિશનર, વર્ગ-૧, જિલ્લા રજીસ્ટાર, કાકડકુવા, ધરમપુર, (૨) મેહુલ પી પટેલ, ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ, વર્ગ-૨ વીજકંપની, ખેડા, વતન ગામ ફલધરા, વલસાડ, (૩) કેતન ગવળી, GES-વર્ગ ૨, શિક્ષણ શાખા, ખાંડા ગામ, ધરમપુર, (૪) અંકિત પટેલ, મદદનીશ ઈજનેર, વર્ગ-૨, પાણી પુરવઠા બોર્ડ, નખત્રાણા, કચ્છ, વતન બામટી, ધરમપુર, (૫) તેજસ પટેલ, વર્ગ - ૨ સિવિલ ઈજનેર, સુરેન્દ્રનગર, વતન શેરીમાળ, ધરમપુર અને (૬) મોનિલ પટેલ, વર્ગ-૨, ઈજનેર જેટકો, સુરેન્દ્રનગર,વતન ચીવલ, પારડી. આ ઉપરાંત લાઈબ્રેરીમાં વાંચન કરીને અનેક યુવક-યુવતીઓ તલાટી, જુનિયર ક્લાર્ક, ફોરેસ્ટર, બીટ ગાર્ડ, સ્ટાફ નર્સ સહિતનાં વિવિધ સરકારી પદો પર પસંદગી પામી ફરજ નિભાવી રહ્યાં છે. આમ, ધરમપુરની આ ઐતિહાસિક લાઈબ્રેરીએ યુવાધનના ઉજ્જવળ ભવિષ્યનું ઘડતર કરી ઈતિહાસ રચ્યો છે.

દેવદિવાળીનો મહિમા..આધ્યાત્મિક જાગૃતિનું પર્વ

ભારતીય સંસ્કૃતિમાં દરેક તહેવારનું પોતાનું આગવું ધાર્મિક,આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વ રહેલું છે. આવો જ એક પવિત્ર અને મહિમાવંત પર્વ એટલે દેવદિવાળી. કારતક માસની પૂર્ણિમાના દિવસે દેવદિવાળીનો ઉત્સવ ખૂબ જ શ્રદ્ધા અને ભક્તિભાવથી ઊજવવામાં આવે છે. આ દિવસને ત્રિપુરારી પૂર્ણિમા, કારતક પૂર્ણિમા અને દેવદીપાવલી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પર્વ સાથે અનેક પૌરાણિક કથાઓ,ધાર્મિક માન્યતાઓ અને આધ્યાત્મિક પરંપરાઓ જોડાયેલી છે.

દેવદિવાળી નામ પાછળની પૌરાણિક માન્યતા..

ચાતુર્માસ દરમિયાન ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાં પોઢેલા રહે છે એવી ધાર્મિક માન્યતા છે. દેવઉઠી એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાંથી જાગૃત થાય છે ત્યારબાદ કારતક સુદ પૂર્ણિમાના દિવસે દેવતાઓ આનંદ અને ઉત્સાહ સાથે દીપ પ્રગટાવી ઉત્સવ ઊજવે છે. દેવતાઓ દ્વારા ઊજવવામાં આવતી આ દિવાળીને દેવદિવાળી કહેવામાં આવે છે.

બીજી એક મહત્વપૂર્ણ પૌરાણિક માન્યતા ભગવાન શિવ સાથે જોડાયેલી છે.તારકાસુરના ત્રણ પુત્રો તારકાક્ષ-કમલાક્ષ અને વિદ્યુન્માલી દ્વારા ત્રણ વિશાળ નગરોનું નિર્માણ કરવામાં આવ્યું હતું, આ ત્રણ નગરો સોના-ચાંદી અને લોખંડનાં બનેલાં હતાં, તેઓ ત્રિપુર તરીકે ઓળખાતાં હતાં. આ અસુરોના અત્યાચારથી દેવતાઓ અને ઋષિમુનિઓ ત્રસ્ત થઈ ગયા હતા. દેવતાઓની પ્રાર્થનાથી ભગવાન શિવે કારતક પૂર્ણિમાના દિવસે એક જ બાણથી ત્રણેય પુરોનો નાશ કર્યો, આથી ભગવાન શિવને ત્રિપુરારી કે ત્રિપુરાંતક કહેવામાં આવ્યા. દેવતાઓએ આ વિજયની ખુશીમાં દીપ પ્રગટાવી ઉત્સવ મનાવ્યો. આ પ્રસંગની સ્મૃતિમાં કારતક પૂર્ણિમાને ત્રિપુરારી પૂર્ણિમા અને દેવદિવાળી તરીકે ઊજવવામાં આવે છે.

ભગવાન વિષ્ણુ અને કારતક પૂર્ણિમાનું મહત્વ..

પુરાણોમાં ભગવાન વિષ્ણુના મત્સ્યાવતારની કથા આવે છે. સૃષ્ટિ પર પ્રલયનું સંકટ આવ્યું ત્યારે ભગવાન વિષ્ણુએ મત્સ્યરૂપ ધારણ કરીને વૈવસ્વત મનુની નૌકાનું રક્ષણ કર્યું હતું તથા પ્રલયના જળમાંથી સૃષ્ટિના બીજ અને જ્ઞાનપરંપરાની રક્ષા કરી હતી. આ અવતાર સૃષ્ટિના સંરક્ષણ અને ધર્મની સ્થાપનાનું પ્રતીક છે. વામન અવતારમાં ભગવાન વિષ્ણુએ રાજા બલિ પાસેથી ત્રણ પગલાં ભૂમિ માગી હતી. બે પગલાંમાં સમગ્ર પૃથ્વી અને સ્વર્ગને માપી લીધાં અને ત્રીજું પગલું બલિના મસ્તક પર મૂકીને તેમને પાતાળલોકમાં સ્થાન આપ્યું, આ કથા ભગવાનની લીલા-ધર્મની સ્થાપના અને અહંકારના વિસર્જનનો સંદેશ આપે છે.

ગંગાસ્નાન અને દીપદાનનું મહાત્મ્ય..

કારતક પૂર્ણિમાના દિવસે ગંગા સહિત પવિત્ર નદીઓમાં સ્નાન કરવાનું વિશેષ મહત્વ છે. ખાસ કરીને કાશીના ગંગાઘાટો પર હજારો દીવડાઓ



પ્રગટાવી ગંગામાતાની આરતી કરવામાં આવે છે. આ દિવ્ય દૃશ્ય દેવદિવાળીની વિશેષ ઓળખ બની ગયું છે.ધાર્મિક માન્યતા અનુસાર આ દિવસે ગંગાસ્નાન, દીપદાન, જપ, તપ, હવન, યજ્ઞ અને દાન કરવાથી વિશેષ પુણ્ય પ્રાપ્ત થાય છે. અન્નદાન, વસ્ત્રદાન અને જરૂરિયાતમંદો ને સહાય કરવાનું પણ વિશેષ મહત્વ છે. શાસ્ત્રોમાં દાનને માત્ર સંપત્તિનું વિતરણ નહીં પરંતુ પરોપકાર-કરૂણા અને ત્યાગની ભાવના તરીકે સમજાવવામાં આવ્યું છે. કારતક પૂર્ણિમાના દિવસે પુષ્કર, પ્રયાગરાજ, હરિદ્વાર, કાશી, અયોધ્યા, ગંગા, યમુના, નર્મદા અને ગોદાવરી જેવા પવિત્ર તીર્થસ્થાનોમાં સ્નાન અને પૂજન માટે શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં એકત્રિત થાય છે.

તુલસીવિવાહ અને વૃંદાની પવિત્ર કથા..

દેવદિવાળી સાથે તુલસી અને શાલિગ્રામજીના વિવાહની પરંપરા પણ જોડાયેલી છે. જોકે તુલસીવિવાહ સામાન્ય રીતે દેવઉઠી એકાદશીથી કારતક પૂર્ણિમા સુધીના દિવસોમાં કરવામાં આવે છે. તુલસીને હિંદુ ધર્મમાં અત્યંત પવિત્ર માનવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર જલંધર નામનો એક શક્તિશાળી અસુર હતો, તેની પત્ની વૃંદા અત્યંત પતિવ્રતા અને ધર્મનિષ્ઠા ધરાવતી સ્ત્રી હતી, તેના સતીત્વના પ્રભાવથી જલંધર અજેય બન્યો હતો, જલંધરના અત્યાચારોથી દેવતાઓ ત્રસ્ત થઈ ગયા ત્યારે ભગવાન વિષ્ણુએ વૃંદાના સતીત્વની કસોટી કરી, ભગવાને જલંધરનું રૂપ ધારણ કરીને વૃંદાના પતિવ્રત ધર્મનો ભંગ કર્યો પરિણામે જલંધરની શક્તિ નષ્ટ થઈ અને ભગવાન શિવના હાથે તેનો વધ થયો.

આ ઘટનાની જાણ થતાં વૃંદાએ ભગવાન વિષ્ણુને શ્રાપ આપ્યો કે તેમણે પણ મનુષ્ય અવતારમાં પત્નીના વિયોગનું દુઃખ સહન કરવું પડશે, આ શ્રાપને રામાયણમાં ભગવાન શ્રીરામના જીવનપ્રસંગ સાથે જોડવામાં આવે છે, જ્યારે માતા સીતાનું રાવણ દ્વારા હરણ કરવામાં આવ્યું હતું. વૃંદાની ભક્તિ અને પવિત્રતાથી પ્રસન્ન થઈ ભગવાન વિષ્ણુએ તેને તુલસીરૂપે પૂજનીય બનવાનું વરદાન આપ્યું અને પોતે શાલિગ્રામ સ્વરૂપે તુલસી સાથે સદાય જોડાયેલા રહેવાનું સ્વીકાર્યું. આથી તુલસીવિવાહની પરંપરા શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે. આ કથા આપણને સમજાવે છે કે જીવનમાં પવિત્રતાપ્રનિષ્ઠા અને સદાચારનું વિશેષ મહત્વ છે, સાથે જ એ પણ સમજવું જોઈએ કે સાચો ધર્મ માત્ર વ્યક્તિગત આચરણ પૂરતો સીમિત નથી, અન્યાય અને અધર્મ સામે યોગ્ય રીતે ઊભા રહેવું પણ ધર્મનું જ અંગ છે.

ગુરૂ નાનક જયંતિનું મહત્વ..

કારતક પૂર્ણિમાના દિવસે શીખ ધર્મના પ્રથમ ગુરૂ શ્રી ગુરૂ નાનક દેવજીની જન્મજયંતિ પણ ઊજવવામાં આવે છે, તેઓએ સમગ્ર માનવજાતને એક ઈશ્વર, માનવસમાનતા, સત્ય, સેવા અને ભાઈચારાનો સંદેશ આપ્યો હતો, તેમનો ઉપદેશ હતો કે ઈશ્વર એક છે અને તમામ માનવીઓ સમાન છે. નામ જપો, કિરત કરો અને વંડ છકો એટલે કે ઈશ્વરનું સ્મરણ કરો, પ્રામાણિકતાથી મહેનત કરો અને મળેલું અન્ય સાથે વહેંચો-આ સંદેશ આજના સમયમાં પણ એટલો જ પ્રસ્તુત છે.

દેવદિવાળીનો આધ્યાત્મિક સંદેશ..

દેવદિવાળી માત્ર ઘરો-મંદિરો કે નદીકિનારે દીવડાઓ પ્રગટાવવાનો ઉત્સવ નથી પરંતુ આપણા અંતરમાં રહેલા અજ્ઞાન, અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ અને દુર્ગુણોના અંધકારને દૂર કરવાનો પવિત્ર અવસર છે. આજના સમયમાં માનવી ભૌતિક સુખસુવિધાઓ મેળવવાની દોડમાં આધ્યાત્મિક જીવનથી દૂર થતો જાય છે પરિણામે પરિવારોમાં મતભેદ,સમાજમાં અશાંતિ અને માનવીના મનમાં અસંતોષ વધતો જાય છે, આવા સમયે ધર્મભાવના, સદાચાર, સંયમ અને માનવતાના ગુણો જીવનમાં ઉતારવાની ખૂબ જ જરૂર છે.

દીપ પ્રગટાવવાનો સાચો અર્થ એ છે કે આપણા વિચારોમાં જ્ઞાનનો પ્રકાશ પ્રગટે, વાણીમાં મધુરતા આવે, વ્યવહારમાં નમ્રતા રહે અને હૃદયમાં બીજાઓ પ્રત્યે પ્રેમ તથા કરૂણા જાગે. જો દરેક વ્યક્તિ પોતાના જીવનમાં સત્ય, ન્યાય, પ્રામાણિકતા અને પરોપકારને સ્થાન આપે તો પરિવાર અને સમાજ બંનેમાં સુખ-શાંતિ સ્થાપિત થઈ શકે.

દેવદિવાળી આપણને દેવત્વ તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે.ભગવાન શિવનો ત્રિપુરાસુર વિજય આપણને દુર્ગુણોનો નાશ કરવાનો સંદેશ આપે છે, તુલસીવિવાહ પ્રેમ-પવિત્રતા અને સમર્પણનું મહત્વ સમજાવે છે, ગુરૂ નાનક દેવજીના ઉપદેશો માનવસેવા અને સમાનતાની ભાવના જગાડે છે. આથી આ પવિત્ર પર્વે માત્ર દીવડાઓ પ્રગટાવીને સંતોષ માનવાને બદલે આપણા અંતરમાં જ્ઞાન, ભક્તિ, પ્રેમ અને માનવતાનો દીપ પ્રગટાવીએ. બીજાના

વલસાડ તાલુકા વિશેષ

VAPI PAGE - 5

Tuesday 24, November 2026

- વલસાડ
- અતુલ
- ગુંદલાવ
- ડુંગરી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઇલ : edior.dgt@gmail.com - damangangatimes.com

ડુંગરીમાં 'મેગા કાયદાકીય સાક્ષરતા શિબિર' યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ ના નેજા હેઠળ, વલસાડ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા વલસાડના ડુંગરી ગામના રામજી મંદિર હોલમાં મેગા ડ્રાઈવ - મેગા કાનૂની સાક્ષરતા શિબિરનું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન એ. કે. સિંગ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વલસાડ જિલ્લા સિવિલ કોર્ટના ન્યાયાધીશ ગુપ્તા, સિવિલ કોર્ટના ન્યાયાધીશ પરીખ ડુંગરી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ. બી. પરમાર, તેમજ DLSA ના હેડ ક્લાર્ક સંદીપભાઈ સોલંકીએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. સ્થાનિક સ્તરે ડુંગરી ગ્રામ પંચાયતના તલાટી સતિષભાઈ, પંચાયત સભ્ય, નીતાબેન, રશ્મિકાંતભાઈ તેમજ સામાજિક કાર્યકર ઉમેશભાઈ અને શીતલબેન પટેલ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

શિબિરનો મુખ્ય ઉદેશ અને આવરી લેવાયેલા લાભાર્થી વર્ગોમાં સમાજના છેવાડાના, આર્થિક રીતે પછાત અને સરકારી કે કાનૂની લાભોથી વંચિત નાગરિકોને મફત કાનૂની સહાય તથા કલ્યાણકારી યોજનાઓનો સીધો લાભ મળે તે હેતુથી આ શિબિર યોજાઈ હતી. હિંસાથી પીડિત મહિલાઓ, અનાથ બાળકો અને બાળ સુરક્ષા સંબંધિત અધિકારો. વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગજનો રાહત અને સરકારી સહાયથી વંચિત વરિષ્ઠ નાગરિકો તેમજ દિવ્યાંગ વ્યક્તિઓ માટેની યોજનાઓ.અનુસૂચિત જાતિ અને જનજાતિ (SC/ST) કાનૂની સહાયતા અને સ્વરાજય કલ્યાણકારી યોજનાઓના લાભોથી વંચિત વ્યક્તિઓ.શ્રમિક વર્ગ અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો, ખેતમજૂરો અને સ્થળાંતરિત (પ્રવાસી) શ્રમિકોના હક્કો, સ્થાનિક આવાસ યોજનાથી વંચિત પરિવારો, રહેઠાણ અને વારસાઈ હક્કો અંગેની કાયદાકીય સમજ, રેશનકાર્ડ, આયુષ્માન કાર્ડ, કુટુંબ સહાય/પેન્શન, વિધવા સહાય અને દિવ્યાંગ સહાય જેવા સરકારી લાભોથી વંચિત પરિવારોનું યોજનાકીય જોડાણ. નશાની લતથી અસરગ્રસ્ત વ્યક્તિઓ તેમજ માનવ તસ્કરીથી પીડિત વ્યક્તિઓના પુનર્વસન અને કાનૂની રક્ષણ અંગેની માહિતી.

ડુંગરી ગામ અને આસપાસના વિસ્તારના જરૂરિયાતમંદ લાભાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ મેગા શિબિરનો લાભ લીધો હતો. ગ્રામજનોની સુવિધા માટે આ શિબિર અંતર્ગત શરૂ કરાયેલી સેવાઓ આવનારા ૬૦ દિવસ સુધી સતત ચાલુ રહેશે, જેથી બાકી રહી ગયેલા વધુમાં વધુ જરૂરિયાતમંદ લોકોને પણ વિવિધ યોજનાઓ અને કાનૂન

ી સહાયનો લાભ મળી શકે.

સમગ્ર શિબિરને સફળ બનાવવા માટે પેરા લીગલ વોલેન્ટિયર્સ (PLV) નિલેશ કોસીયા, દિવ્યાબેન જૈન અને વિવેક પટેલે ભારે જહેમત ઉઠાવી સફળ પ્રયત્નો કર્યા હતા. અંતે સંદીપભાઈ સોલંકી દ્વારા તમામ ઉપસ્થિત મહેમાનો તેમજ ગ્રામજનો તેમજ હૉલની સેવા માટે આશિતભાઈ દેસાઈનો આભાર માન્યો હતો.

ડુંગરી સાર્વજનિક હાઈસ્કૂલના શિક્ષકની રાજ્ય કક્ષાએ સિદ્ધિ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : માસ્ટર્સ ગેમ્સ એસોસિયેશન ગુજરાત રાજ્ય દ્વારા ૯ મી ગુજરાત રાજ્ય માસ્ટર્સ એથ્લેટિકસ ચેમ્પિયનશીપનું આયોજન તા. ૨૨/ ૧૧/ ૨૦૨૬ ને રવિવારના રોજ એમ.એસ. યુનિવર્સિટી વડોદરા મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ જિલ્લાની સાર્વજનિક હાઈસ્કૂલ ડુંગરીના શિક્ષક ભરતકુમાર રમણલાલ પટેલે ૫૦ પ્લસ વય ગ્રુપમાં ત્રણ રમતોમાં ભાગ લીધો હતો જેમાં ૩૦૦૦ મીટર વૉકમાં ગોલ્ડ મેડલ,૮૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ,૪૦૦ મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી રાજ્યકક્ષાએ શાળાનું નામ રોશન કર્યું છે શાળાના શિક્ષકની આ સિધ્ધિ બદલ સાર્વજનિક કેળવણી મંડળના પ્રમુખ,મંત્રી તેમજ શાળાના આચાર્ય રિતેશકુમાર ડી.પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

વલસાડ અનાવિલ સમાજ દ્વારા 'ઉત્સવ ૨૦૨૬'ના મુખ્યદાતાનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : સમાજની એકતા અને સહયોગથી જ દરેક ઉત્સવ ભવ્ય બને છે – આ ભાવનાને સાર્થક કરતા અનાવિલ સમાજ, વલસાડ દ્વારા આયોજિત 'ઉત્સવ ૨૦૨૬' નવરાત્રી મહોત્સવને ભવ્ય અને સફળ બનાવવા બદલ સમાજના ઉદાર દાતાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ નવરાત્રી મહોત્સવના આયોજનમાં માતબર દાનની સહાય આપીને મહત્વપૂર્ણ યોગદાન આપનાર પલ્લવભાઈ રમણલાલ દેસાઈ (ધમડાચી)નું અનાવિલ સમાજ, વલસાડના પ્રમુખ ગૌતમભાઈ દેસાઈ , ઉપપ્રમુખ જેનુલ ભાઈ દેસાઈ આશિષ ભાઈ દેસાઈ, મુકેશભાઈ દેસાઈ કારોબારી હોદેદારો તથા ઉત્સવ સમિતિના સભ્યો દ્વારા શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી હાર્દિક સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજના હોદેદારોએ પલ્લવભાઈ દેસાઈના સમાજ પ્રત્યેના અમૂલ્ય યોગદાન અને ઉદાર સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી કૃતજ્ઞતાની લાગણી દર્શાવી હતી. ઉપસ્થિત સૌએ જણાવ્યું હતું કે, આવા ઉદાર દાતાઓનો સહયોગ સમાજની એકતા, સંગઠન અને પ્રગતિને વધુ મજબૂત બનાવે છે તેમજ આવનારી પેઢી માટે પ્રેરણારૂપ બની રહે છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કૂડો સ્પર્ધામાં

વલસાડના ખેલાડીએ ૧ ગોલ્ડ અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માં તાજેતરમાં યોજાયેલી કૂડો (Kudo) રમતની ત્રણ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં મૂળ કચ્છના આશાપર ગામના અને હાલ વલસાડ સ્થિત નિર્મિત તૃપ્તિ પાર્થ ગજરા (ભાનુશાલી)એ શાનદાર પ્રદર્શન કરીને સમગ્ર ગુજરાત, વલસાડ અને કચ્છી ભાનુશાલી સમાજનું નામ રોશન કર્યું છે.

દેશભરમાંથી આવેલા ૫,૪૭૩ જેટલા ખેલાડીઓ વચ્ચે જામેલી આ કાંટાની ટક્કરમાં નિર્મિતે પોતાની અદભુત રમતકલા, શિસ્ત અને આત્મવિશ્વાસના જોરે એક ગોલ્ડ મેડલ અને એક બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યા છે.

નિર્મિતની ત્રણેય સ્પર્ધાઓમાં સહભાગિતાની વિગતો ૧૮મી અક્ષય કુમાર ઈન્ટરનેશનલ કૂડો ટુર્નામેન્ટ ૨૦૨૬-૨૭ (૧૫ થી ૧૭ નવેમ્બર, ૨૦૨૬) - કેટેગરી ૬-10 Boys (+39 KG)

૧૭મી કૂડો નેશનલ ટુર્નામેન્ટ ૨૦૨૬-૨૭ (૧૨ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૬) - કેટેગરી U-10 Boys (+39 KG) ૭મો કૂડો ફેડરેશન કપ ૨૦૨૬-૨૭ (૧૭ થી ૧૯ નવેમ્બર, ૨૦૨૬) - કેટેગરી U-11 Boys (-33 KG) નાની ઉંમરે આ ત્રણેય મહત્વપૂર્ણ ટુર્નામેન્ટમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને બે મેડલ હાંસલ કરવા બદલ નિર્મિત પર ચારેબાજુથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. નિર્મિતે પોતાની આ ઐતિહાસિક સફળતાનો શ્રેય માતા-પિતા તૃપ્તિબેન અને પાર્થભાઈ ગજરાની પ્રેરણા, પરિવારના સહયોગ તથા કોચના સચોટ માર્ગદર્શનને આપ્યો છે.

આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ કચ્છી ભાનુશાલી સમાજ, આશાપર ગામ અને વલસાડના રમતપ્રેમીઓએ નિર્મિતને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી છે

અને ભવિષ્યમાં તે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું નામ રોશન કરે તેવી મંગલ કામના વ્યક્ત કરી છે.

ભાગડાવડામાં ભાજપાનું નૂતન વર્ષ સ્નેહમિલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : વલસાડના ધારાસભ્ય ભરત પટેલના વલસાડ ના ભાગડાવડા ગામના નિવાસસ્થાને ભાજપ દ્વારા નૂતન વર્ષ નિમિત્તે ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજયના તમામ ધારાસભ્યોના નિવાસસ્થાને યોજાયેલા આ કાર્યક્રમ અંતર્ગત વલસાડમાં પક્ષના પદાધિકારીઓ, સંગઠનના હોદેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્નેહમિલન કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. ઉપસ્થિત કાર્યકરોએ વિશાળ LED સ્ક્રીન પર તમામ નેતાઓના પ્રેરક સંબોધન સાંભળ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય ભરત પટેલે સૌ કાર્યકરોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે, વલસાડ વિધાનસભા વિસ્તારના કાર્યકરોની અથાગ મહેનતને બિરદાવવા માટે આ સ્નેહમિલન અને સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ અંગે વિશ્વાસ વ્યક્ત કરતા ભરત પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં ભાજપનું સંગઠન અત્યંત મજબૂત છે અને પક્ષ ચૂંટણી માટે સંપૂર્ણ સજજ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, તેમના મતવિસ્તારના ૫૬ ગામોમાંથી અંદાજે ૫૫ ગામોમાં ભાજપ પ્રેરિત સરપંચો ચૂંટાયેલા છે અને આગામી ચૂંટણીમાં પણ જીતનો આ જ સિલસિલો યથાવત રહેશે. સમારોહ દરમિયાન વિવિધ ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર પ્રતિભાઓ અને અગ્રણીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

વલસાડ WREUના કાર્યકર્તાઓએ ભાવનગરના વાર્ષિક અધિવેશનમાં જોડાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઈઝ યુનિયન નું ૧૦૬મું વાર્ષિક અધિવેશન ભાવનગર માં યોજાયું હતું. રેલવે કર્મચારીઓના પડતર પ્રશ્નો અને હિતોની માંગણીઓને બુલંદ બનાવવા માટે ડિવિઝનલ સેક્રેટરી પ્રશાંત કાનડે તેમજ ડિવિઝનલ ચેરમેન જીતેન્દ્ર સિંહના નેતૃત્વ હેઠળ મુંબઈ, વલસાડ, બીલીમોરા અને સુરતથી ૧૫૦થી વધુ યુનિયન હોદેદારો અને કાર્યકર્તાઓ આ અધિવેશનમાં ઉત્સાહભેર જોડાયા હતા. વલસાડ બ્રાંચનું પ્રતિનિધિત્વ કરતા વલસાડ બ્રાંચ સેક્રેટરી હુસેન બેલીમ, ડિવિઝનલ ઓફિસ બેરર સ્મિતા પટેલ, વિનય પટેલ સહિત મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ અને કાર્યકર્તાઓએ ભાવનગર ખાતે યોજાયેલી વિશાળ રેલી અને જાહેર સભામાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે AIRF ના મહામંત્રી શિવ ગોપાલ મિશ્રા, WREU ના જનરલ સેક્રેટરી જે. આર. ભોંસલે, પ્રેસિડેન્ટ આર. સી. શર્મા સહિતના રાષ્ટ્રીય અને ઝોનલ નેતાઓએ કર્મચારીઓને સંબોધિત કર્યા હતા.

માં જૂની પેન્શન યોજના (OPS) અને ૮મું પગાર પંચ, ખાનગીકરણ અને આઉટસોર્સિંગનો સખત વિરોધ, નવી જગ્યાઓનું સર્જન અને ભરતી, કર્મચારી કલ્યાણ અને અન્ય મહત્વપૂર્ણ માંગણીઓમાં કેડર રિસ્ટ્રક્ચરિંગનો અમલ ટ્રેકમેન, પોઈન્ટ્સમેન, રનિંગ સ્ટાફ અને ટેકનિકલ સ્ટાફની પ્રમોશન અને ડ્યુટીના કલાકો, બોનસ નિવૃત્ત કર્મચારીઓના કોમ્યુટેડ પેન્શન, મહિલા કર્મચારીઓ માટે કાર્યસ્થળ પર અલગ ટોયલેટ, લંચ રૂમ અને ક્રેચ જેવી સુવિધાઓ પૂરી પાડવી જેવી માંગણી કરી છે.

આગામી ૨-૩ ડિસેમ્બર ૨૦૨૬ ના રોજ વિજયવાડા માં યોજાનાર AIRF ની ૧૦૨મી વાર્ષિક સાધારણ સભા માં લેવાનાર દેશવ્યાપી આંદોલનના દરેક કાર્યક્રમને સંપૂર્ણ તાકાતથી સફળ બનાવવાનો સંકલ્પ આ અધિવેશનમાં લેવામાં આવ્યો હતો.

વલસાડના પ્રાધ્યાપકના ગણિતના પુસ્તકનું વિમોચન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરામાં આયોજિત ગુજરાત ગણિત મંડળના ૬૩મા વાર્ષિક અધિવેશનમાં વલસાડના પ્રો. ડૉ. મેહુલભાઈ તિથલીયા દ્વારા લિખિત પ્રથમ પુસ્તક "Overcoming Fear of Mathematics"નું ભવ્ય વિમોચન કરવામાં આવ્યું હતું. ગત તા. ૨૧/૧૧/૨૦૨૬ના રોજ યોજાયેલા આ ગરિમામય સમારોહમાં વલસાડની શેઠ આર. જે. જે. હાઈસ્કૂલના નિવૃત્ત ગણિત શિક્ષક મેઘરાજભાઈ ભટ્ટના હસ્તે તથા અન્ય મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં આ પુસ્તકનું લોકાર્પણ થયું હતું. આ પ્રસંગની સૌથી વિશેષ અને ભાવુક બાબત એ રહી હતી કે ડૉ. મેહુલ તિથલીયાએ જે ગુરુ પાસેથી ગણિતનું પાયાનું જ્ઞાન મેળવ્યું હતું, તે જ ગુરુ મેઘરાજભાઈ ભટ્ટના હસ્તે તેમના પ્રથમ પુસ્તકનું વિમોચન થયું હતું. ગુરુ-શિષ્ય પરંપરાના આ અનોખા સંગમથી સમગ્ર સભાખંડમાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ ગઈ હતી. વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યેનો ડર દૂર થાય અને ગણિત સરળ બને તે હેતુથી લખાયેલા આ પુસ્તકને ઉપસ્થિત તજજ્ઞો અને ગણિતપ્રેમીઓએ બિરદાવ્યું હતું.

વલસાડ જિલ્લામાં ભાજપાની સંવિધાન ગૌરવ દિન ઉજવવાની તૈયારી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૨ : વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી મુખ્ય કાર્યાલય શ્રી કમલમ વલસાડ ખાતે આગામી તારીખ ૨૬ નવેમ્બર ના રોજ યોજાનાર સંવિધાન ગૌરવ દિવસ અંતર્ગત જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને વલસાડ-ડાંગના સાંસદ, લોકસભાના દંડક ધવલભાઈ પટેલ તેમજ વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું, પરિષદમાં હેમંતભાઈ કંસારા એ જણાવ્યું હતું કે ભારતીય લોકશાહીના ઈતિહાસમાં ૨૬ નવેમ્બરનો દિવસ અત્યંત ગૌરવપૂર્ણ છે. વલસાડ-ડાંગના સાંસદ, લોકસભાના દંડક ધવલભાઈ પટેલે પત્રકાર પરિષદ ને સંબોધન કરતા જણાવ્યું હતું કે, બંધારણ ગૌરવ દિવસ (૨૬ નવેમ્બર) નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકરના સમાનતા, ન્યાય અને બંધુતાના મૂલ્યોને યાદ કરતા જણાવાયું છે કે બાબાસાહેબના જીવન સાથે જોડાયેલા પાંચ સ્થળોને પંચતીર્થ તરીકે વિકસાવીને તથા ડિજિટલ પેમેન્ટ એપને 'BHIM' નામ આપીને તેમને સાચું રાષ્ટ્રીય સન્માન અપાયું છે. જયારે આજે બંધારણના રક્ષણની વાતો કરતી કોંગ્રેસે ૨૫ જૂન ૧૯૭૫ના રોજ દેશમાં કટોકટી લાદીને લોકશાહી અને નાગરિક અધિકારોનું હનન કર્યું હતું. વર્ષો સુધી સત્તામાં રહેવા છતાં કોંગ્રેસે બાબાસાહેબના વિચારોની અવગણના કરી હતી. સાંસદ શ્રી ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી દ્વારા સંવિધાન દિવસની ઉજવણીના ભાગરૂપે જિલ્લામાં યોજાનારા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો જેમ કે આંબેડકરની પ્રતિમાની સફાઈ, પદયાત્રા, સંવિધાન અંગે શપથ લેવા જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

વલસાડમાં વિશ્વ એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ જનજાગૃતિ માટે ઝુંબેશ શરુ

શરદી-ખાંસી, તાવમાં જાતે જ એન્ટિબાયોટિક દવા લેવાની આદત બની શકે છે ગંભીર, ડૉક્ટરની સલાહ વિના એન્ટિબાયોટિક દવાઓ ન લેવા જિલ્લા આરોગ્ય વિભાગની નાગરિકોને અપીલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : જરા પણ શરદી, ખાંસી કે તાવ આવે એટલે લોકો જાતે જ મેડિકલ સ્ટોર્સ પરથી એન્ટિબાયોટીક દવા લઈ લે છે અથવા તો ઘરે કોઈકની સામાન્ય લક્ષણ વાળી દવા પડી હોય તો તે પી લે છે. આધુનિક તબીબી વિજ્ઞાનમાં એન્ટિબાયોટિક દવાઓ વિવિધ પ્રકારના બેક્ટેરિયલ ચેપની સારવાર માટે આશીર્વાદરૂપ તો સાબિત થઈ છે. પરંતુ આ જીવનરક્ષક દવાઓનો નાની નાની વાતમાં બિનજરૂરી અને અયોગ્ય ઉપયોગ આજે સમગ્ર વિશ્વ માટે ગંભીર પડકાર બની રહ્યો છે. એન્ટિબાયોટિક દવાઓના વધુ પડતા ઉપયોગથી બેક્ટેરિયા દવાઓ સામે પ્રતિકારક ક્ષમતા વિકસાવે છે, જેને એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR) કહેવામાં આવે છે. પરિણામે સામાન્ય ચેપની સારવાર પણ મુશ્કેલ બની શકે છે. શું છે AMR અને શા માટે છે ચિંતાનો વિષય છે તે અંગે વલસાડના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વિપુલ ગામીતે જણાવ્યું કે, એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ એટલે સૂક્ષ્મજીવો દ્વારા દવાઓની અસર સામે પ્રતિકારક ક્ષમતા વિકસાવવી. ડૉક્ટરની સલાહ વિના એન્ટિબાયોટિક દવાઓ લેવી, ખોટી માત્રામાં દવા લેવી અને સારવાર અધૂરી છોડવી જેવી બાબતો આ સમસ્યાને વધારી શકે છે.

લોકોમાં જાગૃતિ આવે તે માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહેલા કાર્યક્રમો અંગે જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. મનોજ પટેલે જણાવ્યું કે, AMR જાગૃતિ સપ્તાહ અંતર્ગત જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ આરોગ્ય સંસ્થાઓ અને સંબંધિત વિભાગોના સંકલનથી અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. તા. ૧૮ નવેમ્બરે અંગે પ્રતિજ્ઞા લેવામાં આવી, તા. ૧૯મીએ IMA (Indian Medical Association), IAP (Indian Academy of Pediatrics) અને FOGSI (Federation of Obstetric and Gynaecological Societies of India) ના સહયોગથી તબીબો માટે CME (Continuing Medical Education)નું આયોજન કરવામાં આવ્યું. જેમાં એન્ટિબાયોટિક દવાઓનો તર્કસંગત ઉપયોગ, યોગ્ય પ્રિસ્ક્રિપ્શન અને ખ્યના નિવારણ અંગે તબીબી નિષ્ણાતોએ માર્ગદશ

ન આપ્યું હતું. તા. ૨૦મી Food and Drugs Control Administration (FDCA) દ્વારા કેમિસ્ટ અને ડ્રગિસ્ટ સાથે બેઠક યોજી ડૉક્ટરના માન્ય પ્રિસ્ક્રિપ્શન વિના એન્ટિબાયોટિક દવાઓનું વેચાણ ન કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત મેડિકલ સ્ટોર્સની મુલાકાત અને તપાસ દ્વારા નિયમોનું પાલન થાય છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવી રહી છે.

જિલ્લાની સરકારી આરોગ્ય સંસ્થાઓમાં OPD અને વેઇટિંગ એરિયામાં આવતા દર્દીઓને પોસ્ટર, બેનર તથા IEC પ્રવૃત્તિઓ દ્વારા એન્ટિબાયોટિક દવાઓના યોગ્ય ઉપયોગ અંગે સમજ આપવામાં આવી રહી છે. તા. ૨૧મી AMR અંગે જનજાગૃતિ ફેલાવવા રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

વલસાડમાં સિનિયર સિટીઝનો માટે રમતગમત સ્પર્ધા યોજાશે

વલસાડ, તા. ૨૩ : ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર હસ્તકના વલસાડ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વલસાડ જિલ્લામાં ૬૦ વર્ષ થી ઉપરના સિનિયર સિટીઝન ભાઈઓ બહેનો માટે વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ તથા એથ્લેટીક્સ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે.

જેમાં ભાગ લેવા ઇચ્છતા સિનિયર સીટીઝન ભાઈઓ / બહેનોએ નિયત નમુનાનું પ્રવેશપત્ર જિલ્લા રમત ગમત અધિકારી વલસાડ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વલસાડ, જિલ્લા રમત સંકુલ, મંદિર ફળીયું, નવેરા, તા.જિ.વલસાડ ખાતેથી મેળવી તા.૦૫/૧૨/૨૦૨૬ સુધીમાં સંપૂર્ણ વિગત સાથે મોકલી આપવાનું રહેશે. સમય મર્યાદામાં આવેલ પ્રવેશપત્રોના સ્પર્ધકોને વિગતવાર કાર્યક્રમ અંગેની જાણ કરવામાં આવશે. જેની દરેક સ્પર્ધકે નોંધ લેવી. વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીના સરનામે સંપર્ક કરવા જિલ્લા રમત ગમત અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.

વલસાડ કડૈયા-ઔરંગા જુનો પુલ ખુલ્લો મુકાયો પણ વન-વેથી ટ્રાફિક



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૨ : આવતા ચોમાસા પહેલા કાર્યરત થનારા નવા ઊંચા દ્વિમાર્ગી ઔરંગા નદી સ્મશાનભૂમિ પાસે ના રાજ્ય ધોરીમાર્ગ ૭૦૧ વલસાડ ગુદલાવ ખેરગામને જોડતા નવા ભૂલને ૧૫ જુલાઈ ૨૬ સુધીમાં કાર્યરત કરવાનો હતો પણ હવે પછી ક્યારે કાર્યરત થશે તેની સંપૂર્ણ માહિતી માર્ગ મકાન વિભાગે મુકાવી નથી. ગત ચાર દિવસ માટે ગર્ડર્સ લોન્ચિંગની કાર્યવાહી ના લીધે ૪ દિવસનો સંપૂર્ણ વાહન વ્યવહાર બંધ કરાયો હતો કામગીરી પૂરી થતાં ૨૧મી થી દિવસનો વાહન વ્યવહાર ચાલુ તો થયો પરંતુ ધમડાચી તરફથી પ્રવેશતા અને સ્મશાન ભૂમિના દરવાજા પાસે જે રસ્તો છે તે સાંકડો થઈ જવાથી દ્વિમાર્ગી વાહન ચાલકોને ભારે પરેશાની વેઠવી પડે છે. જેથી બાંધકામ સામગ્રી ખસેડી રસ્તો વધુ પહોળો કરાય તેવી લોક માંગ છે. ગુંદલાવ- હાઈવેને જોડતા રેલવે ઓવરબ્રીજ બનાવવા કોઈ પ્રગતિ ન થઈ હોય આ ચોમાસામાં પણ અંડરપાસમાં પાણી ભરાઈ જવાથી આ લાખોનો ઊંચો પુલ ૪૦ ગામ-હાઈવેના લોકો માટે નકામો સાબિત થશે. ગત ચાર દિવસ અને તે પૂર્વે સાત દિવસ પુલની કામગીરીના લીધે હાલનો રસ્તો બંધ કરેલ પણ તેના માટેના વૈકલ્પિક રસ્તાઓ અધૂરા ખરાબ હોય લોકોએ વાયા ધરમપુર કે કુંડી ફાટકથી વધારે બળતણ ફૂંકી વધુ સમય બગાડી પ્રવાસ કરવો પડ્યો. સંસદ સભ્ય ધવલ પટેલે લીલાપોર રેલઓવરબ્રિજ ખુલ્લો તો મુક્યો પણ તેને જોડતો નંદાવલા સુધીનો રસ્તો અને સ્લેબ ડ્રેન હજુ પણ થયા ન હોય બિન ઉપયોગી છે વૈકલ્પિક તરીકે તેનો ઉપયોગ થતો નથી.

વાપી ગુરુદ્વારામાં આજે પ્રકાશ પર્વ ઉજવાશે

વાપી, દમણ, સેલવાસમાં શોભાયાત્રા, નગરકિર્તન યોજાયા : આજે રકતદાન શિબિર યોજાશે





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૩ : ગુરુદ્વારા ગુરુ નાનક દરબાર, વાપીમાં શ્રી ગુરુ નાનક દેવ જીનો ૫૫૭મો પ્રકાશ પર્વ શ્રદ્ધા અને વ્યાપક જનભાગીદારી સાથે ઉજવાઈ રહ્યો છે. મુખ્ય ઉજવણી આવતીકાલે, મંગળવાર ૨૪ નવેમ્બરે થશે. જેમાં રક્તદાન શિબિર પણ યોજાશે.

ઉજવણીની શરૂઆત ૧૫ નવેમ્બરથી થઈ હતી. ચનોદ, ગુંજન, હરિયા પાર્ક/લેકવ્યુ, દમણ, ચલા અને સિલવાસામાં દરરોજ પ્રભાત ફેરીઓ નીકળી. ૧૫ નવેમ્બરે નિશાન સાહિબની સેવા થઈ. શનિવાર, ૨૧ નવેમ્બરે ભવ્ય નગર કીર્તન નીકળ્યું, જે ડી-માર્ટ, આઈડીબીઆઈ બેંક અને અંબે માતા મંદિર ખાતે રોકાઈને ગુરુદ્વારા સાહિબ પહોંચ્યું. ત્યાં અરદાસ, સમાપ્તિ અને ગુરુ કા લંગર યોજાયા.

૨૨ નવેમ્બરથી શ્રી અખંડ પાઠ સાહિબ શરૂ થયા છે. આજે સાંજે ૭ થી ૯ વાગ્યા સુધી જાણીતા રાગી ભાઈ મંજીત સિંહ જી (ટાંડે વાળે) કીર્તન કરશે. મંગળવારે સવારે ૯:૩૦ વાગ્યે શ્રી અખંડ પાઠ સાહિબની સમાપ્તિ સાથે કાર્યક્રમ શરૂ થશે. ત્યારબાદ સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી ભાઈ મંજીત સિંહ જીનો કીર્તન દીવાન યોજાશે. પંજાબ ભવનમાં સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી રક્તદાન શિબિર યોજાશે, અને ડૉ. રિમ્પલ શાહ દ્વારા નેત્ર તપાસ શિબિર પણ યોજાશે. સંગત માટે ગુરુ કા લંગર પણ યોજાશે. ગુરુદ્વારા પ્રબંધક કમિટી, વાપીએ તમામ શ્રદ્ધાળુઓ અને નાગરિકોને પધારીને ગુરુના આશીર્વાદ મેળવવા અને સેવા શિબિરોમાં ભાગ લેવા અપીલ કરી છે.

વાપીમાં પોલીસ પર હુમલો કરનાર આરોપી સામે વધુ ગુના નોંધાયા

જાનથી મારી નાખવાનો પ્રયાસ અને સરકારી કામમાં રુકાવટનો વધુ ગુનો નોંધાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૩ : વાપીમાં જ્વેલર્સ ઉપર હુમલા કેસના આરોપીઓને ગઈ કાલે વાપી મીની સિવિલ હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ કરાવી પરત વાપી ટાઉન પોલીસ સ્ટેશન લઈ જતી વેળા મુખ્ય આરોપી યુગરાજ ઉર્ફે જુગરાજસિંહે પોલીસ પર હુમલો કરતા પોલીસે સ્વબચાવમાં તેના પગમાં ગોળી મારી હતી. આ ઘટનામાં પાછળની સીટમાં બેઠેલા આરોપી જુગરાજસિંહે અચાનક ડ્રાઈવિંગ કરી રહેલા એએસઆઈ સુનિલ મિશ્રા પર હુમલો કરી બંને હાથમાં પહેરેલી હથકડી એએસઆઈના ગળામાં ભરાવી જોરથી ગળું દબાવી પાછળની તરફ ખેંચતાં તેમનો શ્વાસ રૂંધાવા લાગ્યો હતો. આ દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. પરમાર, પોલીસ કોન્સ્ટેબલ ભાવેશભાઈ અને હેડ કોન્સ્ટેબલ ઋતુરાજસિંહે એએસઆઈને છોડાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આરોપી ગળું છોડતો ન હોવાથી વાહન પરનું સંતુલન બગડ્યું હતું.

આરોપીને ગળું છોડી દેવા પોલીસ ઈન્સ્પેક્ટર પરમારે હિન્દીમાં ત્રણ વખત ચેતવણી આપી હતી કે, છોડ દે, નહીં તો ફાયરિંગ કરના પડેગા. તેમ છતાં આરોપીએ એએસઆઈનું ગળું છોડ્યું નહોતું. દરમિયાન આરોપીએ પોલીસ ઈન્સ્પેક્ટર પરમારને આંખના ભાગે કોણી મારી હુમલો પણ કર્યો હતો. આખરે એએસઆઈને છોડાવવા અને સ્વબચાવમાં પોલીસ ઈન્સ્પેક્ટર પરમારે પોતાની સરકારી પિસ્તોલથી તેના પગમાં ગોળી મારી હતી.

વલસાડ જિલ્લામાં પોલિયો રસીકરણ અંગે સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ

જિલ્લામાં પોલિયો અભિયાન હેઠળ ૧૫૨૩૮૧ બાળકોનું રસીકરણ

૭૧૦ બુથ અને ૧,૪૨૦ ટીમો દ્વારા બાળકોને પોલિયોના ટીપાં અપાયા : બાકી રહેલા બાળકો અને સ્થળાંતરિત પરિવારોનાં બાળકો સુધી પહોંચવા કલેક્ટરે સૂચના આપી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : વલસાડ જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને સોમવારે સવારે ૧૧-૩૦ કલાકે પલ્સ પોલિયો અભિયાન કામગીરીની સમીક્ષા અંગે સ્ટીયરીંગ કમિટીની બેઠક મળી હતી, જેમાં કલેકટરશ્રીએ રવિવારે પોલિયો રસીકરણની થયેલી કામગીરી અંગે વિગત મેળવી અને ત્યારબાદ ઘરે ઘરે થનારી કામગીરી અંગે જરૂરી સૂચનો કર્યા હતા.

ભારત પોલિયો મુક્ત થઈ ગયો છે પરંતુ હજુ પણ કેટલાક દેશોમાં પોલિયો નાબૂદ થયો ન હોવાથી તે ફરીથી ફેલાવાની શક્યતા રહેલી છે. જેથી રાજ્ય સરકાર દ્વારા ૦ થી પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવવા માટે રવિવારે તા. ૨૨ નવેમ્બરના રોજ વલસાડ જિલ્લામાં અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે કામગીરી અંગે મળેલી બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વિપુલ ગામીતે પ્રેઝન્ટેશન દ્વારા વિગત આપતા જણાવ્યું કે, તા. ૨૨ નવેમ્બરના રોજ રવિવારે જિલ્લામાં ૭૧૦ પોલિયો બુથ, ૧,૪૨૦ ટીમો અને ૧૪૨ સુપરવાઈઝર દ્વારા પોલીયો રસીકરણ અભિયાન હાથ ધરાઈ હતી. આ સિવાય બસ ડેપો અને રેલવે સ્ટેશન સહિતના ૧૨ ટ્રાન્ઝિટ પોઈન્ટ ઉપર પણ બુથ ગોઠવવામાં આવ્યા હતા. જેમના દ્વારા એક જ દિવસમાં ૧૭૭૪૮૨ના લક્ષ્યાંક સામે ૧૫૨૩૮૧ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવી ૮૫.૮૬ ટકા સિધ્ધિ મેળવી હતી.

બાકી લક્ષ્યાંકને પહોંચી વળવા માટે બે દિવસ સુધી આરોગ્ય કર્મીઓની ટીમ હાઉસ ટુ હાઉસ ફરી રહી છે અને બાકી રહી ગયેલા બાળકોને શોધી શોધીને પોલિયોના ટીપાં પીવડાવી રહી છે.

આરોગ્ય વિભાગ દ્વારા પોલિયો અંગે થઈ રહેલી કામગીરી અંગે જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાને સંતોષ વ્યક્ત કર્યો હતો. આ સાથે જિલ્લા કલેકટરે એક પણ બાળક બાકી ન રહી જાય અને કામ-ધંધાની શોધમાં સ્થળાંતરિત કરતા બાળકો પણ વંચિત રહે તે માટે તકેદારી રાખવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા આરોગ્ય વિભાગના આરસીએચઓ ડો.એ.કે.સિંઘ, ઈન્ચાર્જ એડીએચઓ ડો. એચ.પી.સિંઘ, જિલ્લા લે-સી અધિકારી ડો. જયશ્રી ચૌધરી, વલસાડ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ટન્ટ ડો. ભાવેશ ગોયાણી, જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.મનોજ પટેલ સહિત શિક્ષણ, આઈસીડીએસ અને પાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વાપી સહિત જીઆઈડીસીઓમાં ઉદ્યોગકારોને રાહત

ઉદ્યોગોને CCA રિન્યુઅલની ઝંઝટમાંથી મુક્તિ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૩ : ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા રાજ્યના ઉદ્યોગો માટે CCA રિન્યુઅલની પરંપરાગત પ્રક્રિયા બંધ કરી નવી CCA Extension Fee System અમલમાં મૂકવામાં આવી છે. આ નિર્ણયથી વાપી GIDC સહિત રાજ્યના ઉદ્યોગોને હવે CCA રિન્યુઅલ માટે અલગથી અરજી કરવાની જરૂર રહેશે નહીં. નવી વ્યવસ્થા મુજબ, માન્ય CCA ધરાવતા ઉદ્યોગોએ XGN પોર્ટલ મારફતે માત્ર નિયત એક્સટેન્શન ફી ભરવાની રહેશે. ફીની ચકાસણી બાદ બોર્ડ દ્વારા પેમેન્ટ એક્કોલેજમેન્ટ લેટર આપવામાં આવશે. જોકે, CCAની શરતોનું ઉલ્લંઘન કરનારા અથવા ફી, એન્વાયરમેન્ટલ કમ્પેન્સેશન અને અન્ય બાકી રકમ નહીં ભરનારા ઉદ્યોગો સામે કાર્યવાહી થઈ શકશે. CCAમાં સુધારા માટેની જૂની પ્રક્રિયા યથાવત રહેશે. GPCBનો આ નિર્ણય તાત્કાલિક અસરથી અમલી બન્યો છે. નવી વ્યવસ્થાથી ઉદ્યોગોનો સમય અને ખર્ચ બચશે તેમજ વહીવટી પ્રક્રિયા સરળ બનશે.

વાપીમાં બે દિવસમાં બે બંધ ફલેટમાં આગ

મનપાની ફાયર વિભાગ ની ટીમ એક કલાક મોડી પહોંચ્યાનો આક્ષેપ, આગ બુઝાવવા ગયેલા યુવકનો હાથ કપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૩ : વાપી ટાઉનમાં છેલ્લા બે દિવસમાં બે બંધ ફલેટમાં આગ લાગવાની ઘટનાઓ બની છે.

જેમાં બંને ફલેટની મોટાભાગની ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. શનિવારે સુથારવાડમાં સિદ્ધનાથ મંદિર પાસેની બિલ્ડિંગમાં આગ લાગી હતી, જ્યારે રવિવારે ચલા ગુરુકુળ રોડ પર આવેલી શ્રી સિદ્ધિવિનાયક રેસિડેન્સીના ફલેટ નં. ૩૦૪માં આગ લાગી હતી. રવિવારે સાંજે આગની જાણ થતાં ફલેટ માલિક વિવેક ભારતીના મિત્ર રાહુલ યાદવ આગ બુઝાવવા ફલેટમાં પહોંચ્યા હતા.

દરમિયાન બારીના કાચ તૂટીને તેમના હાથ પર પડતાં ગંભીર ઈજા થઈ હતી અને હાથની નસ કપાઈ જતાં તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સ્થાનિકોના આક્ષેપ મુજબ ઘટનાની જાણ વાપી મહાનગરપાલિકાના ફાયર વિભાગની ટીમ ને કરવા છતાં લગભગ એક કલાક મોડી પહોંચી હતી. જેના કારણે આગમાં ફલેટની રહેલી ઘરવખરી સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. ફાયર વિભાગની ટીમના મોડા આગમનને લઈને સ્થાનિક રહીશો અને ફલેટ માલિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

જોકે ફાયર વિભાગની બે ગાડી ઘટના સ્થળે પહોંચી હતી અને ત્રીજા માળે આગ લાગેલી ફલેટમાં પાણીનો મારો ચલાવી ભાગને કાબુમાં લેવાય હતી.

પારડીમાં વ્યાજખોરીનો ચોંકાવનારો કિસ્સો

વ્યાજખોરે રૂા.૨.૧૦ લાખના બદલે ૬ લાખથી વધુ પડાવી લીધા : કોરા ચેક બાઉન્સની ધમકી આપતા ડુંગરા પોલીસમાં ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૩ : પારડીના વ્યાજખોરીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વાપીના છરવાડા ખોડિયાર નગરમાં રહેતા પ્રદિપ કિશનભાઈ ચૌધરી (ઉં.વ. ૩૪, ધંધો-ડ્રાઈવિંગ) એ પારડીના મોહનમિયા શેખ (ઉં.વ. ૪૮, રહે. વિશ્રામ હોટલની પાછળ, દોલતનગર, સામે ડુંગરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, ગત તા. ૧૪/૦૩/૨૦૨૪ ના રોજ પ્રદિપભાઈને પૈસાની જરૂરિયાત ઉભી થતા તેમણે ઓળખીતા મોહનમિયા પાસેથી રૂા. ૧,૧૦,૦૦૦/- લીધા હતા. તેના બદલે દર મહિને રૂા. ૮,૫૦૦ વ્યાજ લેખે કુલ રૂા. ૧,૬૫,૦૦૦ ચૂકવવાનું નક્કી થયું હતું. મોહનમિયાએ પ્રદિપભાઈની યુનિયન બેંક વાપી શાખાના ખાતામાં રૂા. ૧,૧૦,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. પ્રદિપભાઈએ દર મહિને રૂા. ૮,૫૦૦ લેખે ૧૩ માસિક હપ્તા મોહનમિયાના ગૂગલ-પે એકાઉન્ટમાં ચૂકવ્યા હતા.

ત્યારબાદ વધુ પૈસાની જરૂર પડતા પ્રદિપભાઈએ ફરી રૂા. ૧ લાખ માંગ્યા હતા. તા. ૧૬/૧૦/૨૦૨૪ ના રોજ મોહનમિયાએ રૂા. ૬૭,૫૦૦ ખાતામાં નાખ્યા અને રૂા. ૩૨,૫૦૦ રોકડા આપ્યા હતા. આ સમયે તેણે પ્રદિપભાઈ પાસેથી યુનિયન બેંકનો કોરો ચેક લઈ લીધો હતો. આ રૂા. ૧ લાખના મુદલ તથા વ્યાજ સાથે દર મહિને ૧૪,૦૦૦ લેખે કુલ રૂા. ૧,૬૬,૦૦૦ જણાવ્યું હતું.

પ્રદિપભાઈએ તા. ૧૬/૧૧/૨૦૨૪ થી રૂા. ૨૨૫૦૦દર મહિને ચૂકવવાનું શરૂ કર્યું હતું. આમ તેમણે મોહનમિયાને કુલ રૂા. ૨.૮૭ લાખથી વધુ રકમ ચૂકવી દીધી હોવાનો દાવો કર્યો છે.

તેમ છતાં આરોપીએ રૂા. ૩ લાખ વ્યાજ મુદલ સાથે વધુ માગ્યા હતા. પ્રદિપભાઈએ આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાનું કહેતા આરોપીએ કોરો ચેક બાઉન્સ કરી કેસ કરવાની અને વારંવાર પૈસાની માગણી કરી શારીરિક-માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડાંગમાં કોંગ્રેસના નેતા સામે દુષ્કર્મની ફરિયાદથી ચકચાર

આરોપી અગાઉ ભાજપાના અગ્રણી અને આહવા તા.પં.માં સામાજિક ન્યાય સમિતિના પૂર્વ ચેરમેન અગ્રણી રહી ચૂક્યા છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૨૩ : ડાંગ જિલ્લાના આહવા પોલીસ સ્ટેશનમાં ૨૦ વર્ષીય યુવતી પર બળાત્કાર ગુજારવાના ગંભીર આરોપસર ૫૦ વર્ષીય કૉંગ્રેસનાં આગેવાન વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આહવા પોલીસ સ્ટેશન માં નોંધાયેલી ફરિયાદમાં ફરિયાદી એ તહોમતદાર દીપકભાઈ અમૃતભાઈ પિંપળે (ઉં.વ. ૫૦, રહે. મિશનપાડા, તા. આહવા, જિ. ડાંગ) સામે ગંભીર આક્ષેપો કર્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, આ ઘટના તા. ૨૨/૧૧/૨૦૨૬ ના રોજ બપોરે ૧૩/૧૫ કલાકથી સાંજના ૧૮/૦૦ કલાક દરમિયાન બની હોવાનું જણાવાયું છે, ફરિયાદની હકીકત અનુસાર, આહવા તાલુકાની એક ૨૦ વર્ષીય યુવતી સંમતિ આપવા અસમર્થ અને માનસિક રીતે અશક્ત હોવા છતાં તેમજ તેની માનસિક રોગની દવા ચાલુ હોવાની જાણકારી હોવા છતાં, આરોપીએ તેની એકલતાનો ગેરલાભ ઉઠાવ્યો હતો. બદઈરાદે વાંસદા ખાતે કપડાની ખરીદી કરવાના બહાને યુવતીને વાંસદા રોડની બાજુમાં આવેલી હોટલમાં લઈ જઈ બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં નોંધાયું છે, જે સ્થળ વાંસદા પોલીસ સ્ટેશનની હદમાં આવે છે.ઉલ્લેખનિય છે કે, દીપકભાઈ પિંપળે અગાઉ ભાજપાના આગેવાન અને આહવા તાલુકા પંચાયતમાં સામાજિક ન્યાય સમિતિના પૂર્વ ચેરમેન રહી ચૂક્યા છે,જ્યારે હાલમાં તેઓ ભાજપાને રામ રામ કરી કૉંગ્રેસમાં જોડાયા છે.અને ડાંગ કૉંગ્રેસનાં કદાવર આગેવાન હોવાનું પણ જણાવાયું છે. આ મામલે વધુ વિગતો અને તપાસની કામગીરી આહવા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.કે. ચૌધરી દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

વટારમાં જમીન બાબતે એક પર હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૩ : વાપી તાલુકાના વટાર ગામના ડુંગરી ફળિયામાં પૂર્વજોની સંયુક્ત માલિકીની જમીન વેચવાના પૈસાની માગણી મુદ્દે એક જ પરિવારના ત્રણ શખ્સોએ યુવક પર હુમલો કરી માર માર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

વટાર ગામના ડુંગળી ફળિયામાં રહેતા સંજયભાઈ રમણભાઈ પટેલ (ઉં.વ. ૩૯) તેમની માતા સાથે રહે છે. તેમના કુટુંબીજનોની સંયુક્ત માલિકીની પૂર્વજોની જમીન અંભેટી ગામના સાદરવેરી વિસ્તારમાં આવેલી હતી, જે વેચી દેવામાં આવી હતી. આ જમીનના પૈસાની માગણી સંજયભાઈએ તેમના કુટુંબી ભાઈ રોનકભાઈ દિનેશભાઈ પટેલ પાસે કરી હતી. ગત તા. ૨૦ નવેમ્બરના રોજ સવારે આશરે ૯ વાગ્યે સંજયભાઈ ઘરના આંગણામાં આવેલા પૂજારી માતાના મંદિરે ગયા હતા. ત્યાં રોનકભાઈ તેમની પત્ની ગ્રેસીબેન સાથે હાજર હતા. સંજયભાઈએ ફરી પૈસા માંગતા રોનકભાઈ ઉશ્કેરાઈ ગયા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ત્યારબાદ રોનકભાઈએ ફોન કરી સગા ભાઈ કેવલભાઈ અને કાકાના દીકરા જતીનભાઈ મોહનભાઈને મંદિરે બોલાવ્યા હતા. રોનકભાઈએ લાકડાથી સંજયભાઈની પીઠ પર માર માર્યો હતો, વાળ પકડી દીવાલ સાથે ઘસડ્યા હતા, જ્યારે જતીનભાઈએ લાફા મારી પેટમાં ઢીકમુક્કીનો માર માર્યો હતો. ભાગવાનો પ્રયાસ કરતાં ત્રણેયે ફરી પકડી માર માર્યો હતો.

હુમલામાં ઘવાયેલા સંજયભાઈએ શરૂઆતમાં વટાર અને બલીઠાની સરકારી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. દુખાવો વધતાં તા. ૨૧ નવેમ્બરે રાત્રે ૯ વાગ્યે તેમને વલસાડ સિવિલ હોસ્પિટલના પુરુષ વોર્ડ નંબર-૩માં દાખલ કરવામાં આવ્યા હતા. સંજયભાઈની ફરિયાદના આધારે રોનકભાઈ, કેવલભાઈ અને જતીનભાઈ વિરુદ્ધ મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી અંગે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ખારેલ ચોકડી પર રૂા. ૩.૨૮ કરોડના હાઈબ્રિડ ગાંજા પ્રકરણનું વાપી કનેકશન

હાઈબ્રિડ ગાંજાના આરોપીઓમાં બે તો વાપીમાં સિકયોરિટી એજન્સીના સંચાલકો!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૩ : નવસારી એલસીબી અને ગણદેવી પોલીસની સંયુક્ત ટીમે બાતમીના આધારે ખારેલ ઓવરબ્રિજ પાસે એક્સપ્રેસ હાઈવે પર વોચ ગોઠવી બે કારમાંથી રૂા. ૩.૨૮ કરોડની કિંમતનો ૯.૩૭૫ કિલો હાઈબ્રિડ ગાંજો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી આંતરરાષ્ટ્રીય ડ્રગ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. ઝડપાયેલા ચારેય આરોપીઓને નવસારી કોર્ટમાં રજૂ કરતાં નામદાર કોર્ટે આઠ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે, જ્યારે આ કેસમાં અન્ય નવ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સમગ્ર દેશમાં અને ગુજરાતમાં ડ્રગ્સની હેરાફેરી કરી યુવાધનને નશાના રવાડે ચઢાવવાના કિસ્સાઓ વધી રહ્યા છે.



ત્યારે ડ્રગ્સ માફિયાઓ સામે કાર્યવાહી કરવા નવસારી એલસીબી અને ગણદેવી પોલીસની ટીમે સંયુક્ત રીતે બાતમીના આધારે ખારેલ ઓવરબ્રિજ પાસે એક્સપ્રેસ હાઈવે પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન ડીડી-૦૩-એએલ-૦૦૩૩ નંબરની ક્રેટા કાર અને જીજે-૧૫-સીએ-૧૦૦૪ નંબરની અન્ય કારને રોકી તપાસ કરતાં તેમાંથી ગેરકાયદે લઈ જવાતો ૯.૩૭૫ કિલો હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી કારમાં સવાર પ્રમોદ પાઠક, મિકેત પટેલ, પ્રેમચંદ ઉર્ફે લાલજી યાદવ અને વિષ્ણુસિંહની અટકાયત કરી હતી.

પ્રાથમિક પૂછપરછમાં આ હાઈબ્રિડ ગાંજો વડોદરાના જયંતિ અને વિકાસ તેમજ બેંગકોકમાં રહેતા રોની અને તેની ટીમ દ્વારા મોકલવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. આથી સમગ્ર નેટવર્કની કડીઓ શોધવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ઝડપાયેલા ચારેય આરોપીઓને નવસારી કોર્ટમાં રજૂ કરવામાં આવતાં કોર્ટે આઠ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. જ્યારે આ આંતરરાષ્ટ્રીય ડ્રગ નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય નવ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. ઝડપાયેલા ચાર આરોપી પૈકી બે આરોપીઓ વાપીમાં સિક્યુરિટી એજન્સી ચલાવતા હોવાનું બહાર આવ્યું છેહાલ સમગ્ર કેસની વધુ તપાસ નવસારી એલસીબી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

બોડવાડમાં દારૂ સાથે એક ઝડપાયો, ચાર વોન્ટેડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીખલી, તા. ૨૩ : ચીખલી તાલુકાના ટાંકલ ગામ તળાવ ફળિયા ટાંકલ ગામ થી બોડવાક જતા રોડ ઉપર તેમજ વાંઝણા ગામે શેરડીના ખેતરમાંથી મોટા પ્રમાણમાં દારૂના જથ્થાનું કાંટિંગ કરવામાં આવી રહ્યું હોવાની બાતમી ચીખલી પોલીસને મળતા ચીખલી પોલીસે રવિવારે સાંજના સમયે રેડ પાડતા એક ઈનોવા કાર જેને આંતરિ કારની તલાસી લેતા કારમાંથી ૧૪ પુઠા ના બોક્સમાં તેમજ ૧૦ પ્લાસ્ટિકની મીણિયા થેલીઓમાં વિદેશી દારૂ વિસ્કી ની બોટલ તથા ટીન બિયર બોટલ નંગ ૬૫૪ જેની કિંમત રૂપિયા ૨.૫૪.૨૨૦ તથા એક નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તેમજ ઈનોવા કાર ની કિંમત રૂપિયા ૩.૫૦ લાખ અને વગર નંબરની એક્સેસ મોપેડ જેની કિંમત રૂપિયા ૨૫૦૦૦ મળી કુલ ૬.૩૯.૨૨૦ નો મુદ્દા માલ પકડી પાડી દારૂ ભરેલી ઈનોવા કારમાં સવાર બ્રિજેશ ચંદુ પટેલ રહે. નોગામા ગામ પહાડ ફળીયા તા. ચીખલી જેની વધુ પુછ પરછ કરતા આ દારૂનો જથ્થો હેમલ રહે. દમણ જેણે દારૂ ભરેલી કાર આપનાર તેમજ જયેશ ચીમન પટેલ રહે. વાંઝણા ગામ ટપાલ ફળિયું તા. ચીખલી અને નિર્મલ ઉર્ફે કોયો મહેશ પટેલ રહે. વાંઝણા ગામ તા. ચીખલી અને જયેશ નો મિત્ર આ બે શખ્સોએ દારૂનો જથ્થો મંગાવ્યો હતો અને આ દારૂનો જથ્થો મહુવા જી. સુરત ખાતે મંગાવનાર જયેશ ચીમન પટેલ નો કોઈ માણસ જેના પુરા નામ સરનામાની ખબર નથી આ શખ્સોને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીઆઇ પીબી પટેલિયાએ હાથ ધરી છે.

વલસાડમાં દમણીયા દારૂ સાથે ત્રણ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : વલસાડ LCB પી.આઈ. એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. જે.જી. વસાવા અને સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા, તે દરમિયાન પેરોલ ફર્લો સ્કવોડની ટીમ ને મળેલી બાતમી આધારે પોલીસે વલસાડ ટાઉનમાં એસ.પી. કચેરી સામેના રોડ પર વોચ ગોઠવતા બાતમી વાળી એક બજાજ રીયલ ઓટો રિક્ષા નં. GJ-15-AU-0827 ને રોકીને તપાસ કરતા તેમાંથી દારૂ બિયર ની કુલ ૪૧૦ બાટલી કિંમત રૂપિયા ૧.૦૭ લાખ રીક્ષાની કિંમત ૫૦ હજાર ની એક મોબાઈલ ૫ હજાર મળી કુલ ૧,૬૨,૮૯૪ નો મુદ્દામાલ સાથે આરોપી ધીરેન્દ્ર કાલીદાસ શીતલાપ્રસાદ દુબે ઉં.વ. ૩૦, હાલ રહે. છીરી, કંચનનગર, વાપી, જિ. વલસાડ; મૂળ રહે. બેલવાંઇ , ઉત્તરપ્રદેશ યોગીતાબેન ઉર્ફે શકુ રોહીતભાઈ ધીરૂભાઈ બીલીમોરીયા ઉં.વ. ૪૩, રહે. બીલીમોરા, તા. ગણદેવી, જિ. નવસારી યોગીતાબેન ઉર્ફે ચમડી કાંતિલાલ બાવાભાઈ કો.પટેલ ઉં.વ. ૪૦, રહે. દગડ ફળીયા, વણગામ, બીલીમોરા, તા. ગણદેવી, જિ. નવસારી ની ધરપકડ કરી છે. જ્યારે ગુનામાં સંડોવાયેલ આશાબેન પટેલ રહે. વણગામ, તા. ગણદેવી, જિ. નવસારી ને પોલીસે વોન્ટેડ જાહેર કરી છે. જે અંગે વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વલસાડમાં દબાણ અને સાંઈબાબાનો ફોટો હટાવવા મુદ્દે વિવાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : વલસાડ શહેરનો મુખ્ય ગણાતા એમ.જી. રોડ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ, જાહેર પાર્કિંગમાં દબાણ અને ધાર્મિક લાગણી દુભાવવા બાબતે સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગને લેખિતમાં ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.

વલસાડના જાગૃત નાગરિક સંજય સજ્જનલાલ શાહ (રહે. મોટા બજાર, બંદર રોડ, વલસાડ તથા અન્ય સ્થાનિક રહિશોએ જિલ્લા પોલીસ વડા, જિલ્લા કલેક્ટર, મામલતદાર, વલસાડ પાલિકા ચીફ ઓફિસર અને સીટી પી.આઈ.ને સંબોધીને એક આવેદનપત્ર પાઠવ્યું છે. અરજીમાં જણાવ્યા અનુસાર, એમ.જી. રોડ પર હાલમાં દિવાળી પહેલા સિયા નામની એક નવી દુકાન શરૂ કરવામાં આવી છે. આ દુકાનના માલિક દ્વારા વલસાડ



નગરપાલિકાની કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી કે પ્લાન પાસ કરાવ્યા વગર ગેરકાયદેસર રીતે દુકાનના બે ભાગ પાડી દેવામાં આવ્યા છે. વધુમાં એવો પણ આક્ષેપ કરાયો છે કે આ જગ્યાની બાજુમાં છેલ્લા ૪૦ થી ૪૫ વર્ષથી શ્રી સાંઈબાબાનો ફોટો સ્થાપિત હતો. જ્યાં સ્થાનિક લોકો અને શ્રદ્ધાળુઓ દ્વારા નિયમિતપણે પૂજા-અર્ચના કરવામાં આવતી હતી. એને પણ અપમાનજનક રીતે હટાવી દેવાયો છે.

જેનાથી લોકોની ધાર્મિક લાગણી દુભાવવા અને જાહેર શાંતિ જોખમાવવા બદલ દુકાનદાર વિરુદ્ધ તાત્કાલિક ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી છે.

અન્ય સમાચારો

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૭/૨૦૨૬
કિ.પ.અ.નંબર - ૧૮૦૩/૨૦૨૬

અરજદાર : ઝવેરભાઈ જમશુભાઈ પટેલ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ઓઝર, તા.જી. વલસાડ

સદરહુ કામે અરજદાર **ઝવેરભાઈ જમશુભાઈ પટેલ** રહે. તાડ ફળિયું, રામજી મંદિર પાસે, ઓઝર, વલસાડ તા.જી. વલસાડના માતા નામે સ્વ. જશીબેન જમશુભાઈ પટેલનું મરણ તેમના તાડ ફળિયું, ઓઝર, વલસાડ, તા.જી. વલસાડ મુકામે તા. ૦૪/૦૨/૨૦૧૯ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૮૦૩/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.
જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.
તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૪/૨૦૨૬
કિ.પ.અ.નંબર - ૧૯૧૯/૨૦૨૬

અરજદાર : પટેલ કાંતાબહેન અશોકભાઈ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત અટગામ, તા.જી. વલસાડ

સદરહુ કામે અરજદાર **પટેલ કાંતાબેન અશોકભાઈ** રહે. અટગામ, કાંકરીયા ફળિયા, વલસાડ, તા.જી. વલસાડના પુત્ર નામે **પટેલ કિશોરકુમાર અશોકભાઈ**નો જન્મ તેમના અટગામ, કાંકરીયા ફળિયા, વલસાડ, તા.જી. વલસાડ મુકામે તા. ૩૦/૦૭/૧૯૮૮ના રોજ થયેલ છે. જેઓની જન્મની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૯૧૯/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ જન્મની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.
જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.
તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૫/૨૦૨૬
કિ.પ.અ.નંબર - ૧૮૮૨/૨૦૨૬

અરજદાર : પઠાઈ લક્ષ્મીદાસ ભાનુશાલી
વિરુધ્ધ
સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રારશ્રી વલસાડ નગરપાલિકા, વલસાડ, તા.જી.વલસાડ

સદરહુ કામે અરજદાર **પઠાઈ લક્ષ્મીદાસ ભાનુશાલી** રહે. હરસિદ્ધિ નગર, નવી રાવલવાડી રિલોકેશન પાસે, ભુજ, કચ્છ, ગુજરાતના પિતા નામે **સ્વ. લક્ષ્મીદાસ ગોપાલ ભાનુશાલી**નું મરણ તેમના શ્રીનગર સોસાયટી, હાલર, વલસાડ, તા.જી. વલસાડ મુકામે તા. ૨૭/૦૭/૧૯૯૪ના રોજ થયેલ છે. જેઓના મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૮૮૨/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.
જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.
તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

IIFL FINANCE

IIFL ફાઇનાન્સ લિમિટેડ | CIN: L67100MH1995PLC093797
નોંધાયેલી કચેરી: IIFL હાઉસ, સન ઇન્ફોટેક પાર્ક, રોડ નં. 16V, પ્લોટ નં. B-23, થાણે ઇન્ડસ્ટ્રિયલ એરિયા, વાગલે એસ્ટેટ, થાણે - 400604.
ટેલિફોન: 022-41035000 • ફેક્સ: 022-25806654 • ટોલ-ફ્રી: 1860-267-3000
ઈ-મેલ: gold-helpline@iifl.com • વેબસાઇટ: www.iifl.com

જાહેર સૂચના – ગીરો મૂકવામાં આવેલ સોનાની હરાજી

આ દ્વારા સંબંધિત ઉધાર લેનાર(ઓ) / કાયદેસરના વારસદાર(ઓ) અને સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે, ભારતીય રિઝર્વ બેંક (RBI) પાસે નોંધાયેલી નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપની, IIFL ફાઇનાન્સ લિમિટેડ ("IIFL"), અહીં ઉલ્લેખિત લોન ખાતાઓમાં ગીરો મૂકવામાં આવેલા સોનાની જાહેર હરાજી કરશે. આ કાર્યવાહી એવા કિસ્સાઓમાં કરવામાં આવશે જ્યાં ઉધાર લેનાર(ઓ)એ સંચારના ઉપલબ્ધ માધ્યમો દ્વારા હરાજીની નોટિસ(ઓ) અને રીમાઇન્ડર્સ મોકલવા છતાં તેમની લોન ખાતાની રકમની ચુકવણી કરી નથી અથવા લોન ખાતાઓને નિયમિત કર્યા નથી. આ પ્રક્રિયા ભારતીય રિઝર્વ બેંક દ્વારા સમય-સમયે જારી કરાયેલ લાગુ પડતી સૂચનાઓ ("RBI સૂચનાઓ"), લોન કરારની શરતો અને IIFLની બોર્ડ દ્વારા મંજૂર ગોલ્ડ લોનની નીતિ અનુસાર હાથ ધરવામાં આવશે.

હરાજીની તારીખ, સમય અને સ્થળ: જાહેર હરાજી **03.12.2026** ના રોજ **સવારે 10:00 વાગ્યાથી** IIFL ની શાખા ખાતે યોજવામાં આવશે, જેનું સરનામું આ મુજબ છે - **સિલવાસા - વાપી મેઈન રોડ, દુકાન નં. ૩, પ્રથમ માળ, સિટી સેન્ટર, યુનિયન બેંકની સામે, સિલવાસા-વાપી મેઈન રોડ, સિલવાસા - ૩૯૬૨૩૦..**

આ હરાજી સમાન જિલ્લામાં આવેલી ધિરાણ આપતી શાખાઓના લોન ખાતાઓ સાથે સંબંધિત છે.

ગોલ્ડ લોન ખાતાની વિગતો: લોન એકાઉન્ટ નંબર- GL47837131, GL46229284, GL42029373, GL47234019, GL44462858, GL43411995, GL48974595.

ચૂકવણીમાં ડિફોલ્ટ કરનારા ઉધાર લેનારાઓનાં નામ, ગીરો મૂકવામાં આવેલા સોનાની વિગતો અને સંબંધિત ધિરાણ શાખાનું સરનામું, ધિરાણ આપતી તે શાખા તથા ઉપર જણાવેલ હરાજી કેન્દ્ર પર દર્શાવવામાં આવ્યું છે અને આ માહિતી IIFL કસ્ટમર કેર 1860-267-3000 અથવા www.iifl.com પરથી પણ મેળવી શકાય છે.

હરાજી પહેલાં ચુકવણી કરવાનો અધિકાર: લોન લેનાર(ઓ) અથવા કાયદેસરના વારસદાર(ઓ) હરાજીની તારીખ સુધીમાં કોઈપણ સમયે બાકી નીકળતી સંપૂર્ણ રકમ, જેમાં લોન કરાર અને મુખ્ય તથ્યોના નિવેદનમાં (KFS) દર્શાવ્યા મુજબ અદ્યતન વ્યાજ અને લાગુ પડતા શુલ્કની સમાવેશ થાય છે, જે ચૂકવીને લોન ખાતું બંધ કરાવી શકે છે અથવા નિયમિત કરાવી શકે છે, અને તે પછી તે ખાતું હરાજીમાંથી પાછું ખેંચી લેવામાં આવશે.

આ પ્રકાશનની તારીખે અથવા તે પછી બંધ કરવામાં આવેલા કે નિયમિત કરવામાં આવેલા ખાતાઓ પાસેથી પ્રમાણસર પ્રકાશન શુલ્ક વસૂલવામાં આવશે.

મૃત ઉધાર લેનાર: જ્યાં ઉધાર લેનારનું અવસાન થયું હોય, ત્યાં આ સૂચના અને હરાજીની શરતો ઉધાર લેનારના કાયદેસરના વારસદાર(ઓ)ને લાગુ પડશે.

ન્યૂનતમ નિર્ધારિત કિંમત: હરાજી માટેની ન્યૂનતમ નિર્ધારિત કિંમત, RBIની સૂચનાઓ અનુસાર નિર્ધારિત ગીરો મુકેલા સોનાની વર્તમાન મૂલ્યના 90% (જે કિસ્સામાં બે વાર હરાજી નિષ્ફળ ગઈ હોય તેવા લોન ખાતાઓ માટે 85%) થી ઓછી નહીં રહે.

વેચાણનો આધાર: હરાજી "જેમ છે જ્યાં છે", "જેમ છે જે છે" અને "જેમ છે ત્યાં છે" ના આધારે હાથ ધરવામાં આવશે. ઇચ્છુક બોલી લગાવનારાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ બોલી લગાવતા પહેલા બતાવવામાં આવેલ ગીરવે મુકેલ સોનાની વિગતો તપાસે અને સંતુષ્ટ થઇ લે.

હરાજી સ્થગિત કરવી / પરત ખેંચવી: IIFL નોંધાયેલા કારણોસર હરાજી સ્થગિત કરી શકે છે અથવા તેમાંથી કોઈપણ લોન ખાતાને પરત ખેંચી શકે છે. આ કારણોમાં લોનની ચુકવણી અથવા ખાતાને નિયમિત કરવું, કોઈ અદાલત કે સત્તાધિકારીના આદેશો અથવા કામગીરીને લગતી અનિવાર્યતાઓનો સમાવેશ થાય છે.

તારીખ અથવા સ્થળમાં કોઈપણ ફેરફાર હરાજી કેન્દ્ર અને ધિરાણ આપતી સંબંધિત શાખા પર દર્શાવવામાં આવશે.

જો અહીં જણાવેલ તારીખે હરાજી યોજી ન શકાય અથવા પૂર્ણ ન થઈ શકે, તો IIFL તેના વિવેકાધિકાર મુજબ અને યોગ્ય સૂચના આપીને, તે જ જિલ્લામાં અથવા નજીકના જિલ્લામાં પછીની તારીખે હરાજી યોજી કે ચાલુ રાખી શકે છે અથવા ઓનલાઇન હરાજીનું આયોજન કરી શકે છે.

હિતોનો કોઈ સંઘર્ષ નહીં: RBIની સૂચનાઓનું પાલન કરીને, IIFL અને તેના સંબંધિત પક્ષો હરાજીમાં ભાગ લેશે નહીં.

હરાજીથી પ્રાપ્ત રકમ: હરાજીમાં પ્રાપ્ત થયેલ રકમ અને તેમાં સમાયોજિત લેણી રકમની સંપૂર્ણ વિગતો ધિરાણ લેનાર(ઓ) અથવા કાયદેસરના વારસદાર(ઓ)ને પૂરી પાડવામાં આવશે. જો કોઈ વધારાની રકમ હોય, તો હરાજીની સંપૂર્ણ રકમ પ્રાપ્ત થયાના સાત કામકાજના દિવસોમાં તે પરત કરવામાં આવશે (આ માટે ઉધાર લેનારની બેંકિંગ વિગતો ઉપલબ્ધ હોવી આવશ્યક છે); તેથી, ઉધાર લેનારાઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ સંબંધિત ધિરાણ આપતી શાખામાં તેમના બેંક ખાતાની અદ્યતન વિગતો અપડેટ કરાવે. જો રકમ ઓછી જણાય, તો લોન કરારની શરતો મુજબ તેની વસૂલાત કરવામાં આવશે.

વિગતવાર માહિતી અને નિયમો તથા શરતો માટે, કૃપા કરીને IIFL Finance Limited ની સંબંધિત ધિરાણ આપતી શાખા (જેનું સરનામું ખાતાઓની યાદી સાથે દર્શાવેલ છે) અથવા IIFL કસ્ટમર કેરનો 1860-267-3000 નંબર પર સંપર્ક કરો.

તારીખ: 24.11.2026 | **સહી/- અધિકૃત હસ્તાક્ષરકર્તા**
સ્થળ: દાદરા નગર હવેલી | **IIFL ફાઇનાન્સ લિમિટેડ**

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વિ.વ.શ્રી. શીતલ એન. પટેલ
ફો.પ.અ.નં.૮૬૨/૨૦૨૬
મુદત તારીખ ૧૯/૧૨/૨૦૨૬

અરજદાર : શાંતિબેન ગોવનભાઈ હળપતિ, ઉમર-૬૯, ધંધો - ઘરકામ
રહે. ડુંગરા, દાદરીમોરા, તા.વાપી જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ મરણ સબ રજીસ્ટાર સાહેબશ્રી વાપી મહાનગરપાલિકા,વાપી

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૬૨/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના સાસુના નામે **કબલીબેન ઉક્કડભાઈ હળપતીનું** મરણ ૧૫/૦૫/૧૯૬૦ના રોજ મુ.પો. ડુંગરા મુકામે ઘરે થયેલ હતો. જે તે સમયે તેમના મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારના સાસુની મરણ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના સાસુનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૯/૧૨/૨૦૨૬નાં રોજ સવારે ૧૦:૪૫ કલાકે જાતે તથા/અથવા પોતાનાં માહિતગાર વકીલશ્રી મારફત હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૨૧મી માહે નવેમ્બર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- (એમ.બી. મણવર) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર અને હુકમથી સહી/- (પી.પી. વૈષ્ણવ) સુપ્રિન્ટેન્ડન્ટ

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વિ.વ.શ્રી. એ.જે. પટેલ
ફો.પ.અ.નં.૮૯૭/૨૦૨૬

અરજદાર : શર્મિષ્ઠા કાંતિલાલ પટેલ
વિરુધ્ધ
સામાવાળા : સબ રજીસ્ટારશ્રી વાપી મહાનગરપાલિકા, ચલા-ઝોન કચેરી તા.વાપી, જી. વલસાડ

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૯૭/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારની માતાશ્રી **લીલાવતીબેન ચીમનભાઈ પટેલનાઓનું** ૨૫/૦૬/૧૯૭૪ના રોજ મરણ થયેલ છે. જે તે સમયે તેમની મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી તેઓની મરણ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ તેઓનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૨૩મી માહે નવેમ્બર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- (એમ.બી. મણવર) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર અને હુકમથી સહી/- (પી.પી. વૈષ્ણવ) સુપ્રિન્ટેન્ડન્ટ

જાહેર નોટીસ

મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર

ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૭૧/૨૦૨૬
મુદત તારીખ :- ૨૪/૧૨/૨૦૨૬

અરજદાર : રંજુબેન મુરલીભાઈ ભોયા
રહે. : ધામોડપાડા ફળિયા, મુરદડ તા.ધરમપુર, જી.વલસાડ (વિ.વ.શ્રી.કે.એમ. ઈંટવાલા)
વિરુધ્ધ
સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, તલાટી કમ-મંત્રીશ્રી, સોનદર, તા.ધરમપુર, જી.વલસાડ

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના પુત્રી દિક્ષિતાબેન મુરલીભાઈ ભોયાનો જન્મ તા.૨૧/૦૩/૨૦૨૨ના રોજ મોજે ગામ-સોનદર, તા.ધરમપુર, જી.વલસાડ, મુકામે થયો હતો. જે મુજબનો જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૪/૧૨/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.

આજ રોજ તા.૨૧ માહે નવેમ્બરને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ટેન્ટ સીવીલ કોર્ટ, ધરમપુર | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ધરમપુર

જાહેર નોટીસ

મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,

જાવક નંબર - ૨૩૮૯/૨૦૨૬
કિ.પ.અ.નંબર - ૧૮૦૫/૨૦૨૬

અરજદાર : વનીતાબેન અરવિંદભાઈ પટેલ તે ઉત્તમભાઈની પુત્રી
વિરુધ્ધ
સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત વેલવાચ, તા.જી. વલસાડ

સદરહુ કામે અરજદાર વનીતાબેન અરવિંદભાઈ પટેલ રહે. તાડ ફળિયા, પંચલાઈ, વલસાડ તા.જી. વલસાડના માતા નામે સ્વ. કાહલીબેન ઉત્તમભાઈ પટેલનું મરણ તેમના કુંડી ફળિયું, વેલવાચ, વલસાડ, તા.જી. વલસાડ મુકામે તા. ૦૫/૦૫/૧૯૮૩ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૮૦૫/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.
જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.
તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી

અરજદારના વિ.વ.શ્રી. એમ.એલ. પટેલ
ફો.પ.અ.નં.૮૮૮/૨૦૨૬
મુદત તારીખ ૧૯/૧૨/૨૦૨૬

અરજદાર : યોગેશકુમાર ધીરૂભાઈ પટેલ, ઉમર ૩૬, ધંધો-નોકરી, રહે. જુનાગામ, બલીઠા, તા.વાપી જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ મરણ સબ રજીસ્ટાર સાહેબશ્રી વાપી મહાનગરપાલિકા,વાપી

જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમા દાખલ કરેલ ફો.પ.અ.નં. ૮૮૮/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના દાદાના નામે **કાળુભાઈ રમકાભાઈ પટેલનું** મરણ ૨૧/૦૧/૨૦૨૩ના રોજ મોજે. બલીઠા, વાપી મુકામે ઘરે થયેલ હતો. જે તે સમયે તેમના મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ નહતી. જેથી અરજદારના દાદાની મરણ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના દાદાનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૧૯/૧૨/૨૦૨૬નાં રોજ સવારે ૧૦:૪૫ કલાકે જાતે તથા/અથવા પોતાનાં માહિતગાર વકીલશ્રી મારફત હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તારીખ ૨૯મી માહે ઓક્ટોબર ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટ સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- (એમ.બી. મણવર) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર અને હુકમથી સહી/- (પી.પી. વૈષ્ણવ) સુપ્રિન્ટેન્ડન્ટ

NOTICE

M/s. Transrail Lighting Limited (Pole Division)

At - Survey No. 227/1, 228/2 to 5, Khanvel - Talasari Road, Opposite HPCL Company, Village - Kherdi, Silvassa, Dadra and Nagar Haveli, The Dadra and Nagar Haveli and Daman and Diu, 396230.

It is to inform that **M/s. Transrail Lighting Limited (Pole Division)** has been accorded Environmental Clearance by State Environment Impact Assessment Authority (SEIAA), **THE DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU** vide EC identification no: **EC26C3806DN5233380N dated 20.11.2026** for expansion of its existing factory building plant at Survey No. 227/1, 228/2 to 5, Khanvel - Talasari Road, Opposite HPCL Company, Village - Kherdi, Silvassa, Dadra and Nagar Haveli, The Dadra and Nagar Haveli and Daman and Diu, 396230 under building construction project category 8 (a) of schedule I of EIA Notification 2006. The copy of the clearance letter is available with the Head Office of Pollution Control Committee, THE DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU and details of the same may also be seen at the PARIVESH portal - https://parivesh.nic.in. of Ministry of Environment Forests & Climate Change.

સૂચના

મેસર્સ ટ્રાંસરેલ લાઇટિંગ લિમિટેડ (પોલ વિભાગ)

સર્વે નંબર ૨૨૭/૧, ૨૨૮/૨ થી ૫, ખાનવેલ - તલાસરી રોડ, HPCL કંપનીની સામે, ગામ - ખેરડી, સિલવાસા, દાદરા અને નગર હવેલી, ધ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, 396230.
આથી જણાવવાનું કે મેસર્સ ટ્રાંસરેલ લાઇટિંગ લિમિટેડ (પોલ વિભાગ)ને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ સરકારના રાજ્ય સ્તરીય પર્યાવરણ અસર મૂલ્યાંકન સત્તામંડળ (SEIAA) દ્વારા 20.11.2026ના રોજ EC ઓળખ નંબર EC26C3806DN5233380N દ્વારા સર્વે નંબર 227/1, 228/2 થી 5, ખાનવેલ - તલાસરી રોડ, HPCL કંપનીની સામે, ગામ - ખેરડી, સિલવાસા, દાદરા અને નગર હવેલી, ધ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, 396230 યુટી ખાતે તેમના હાલના ઉત્પાદન પ્લાન્ટના વિસ્તરણ માટે EIA સૂચના 2006 ના શેડ્યૂલ I ના બિલ્ડિંગ બાંધકામ પ્રોજેક્ટ કેટેગરી 8 (a) હેઠળ પર્યાવરણીય મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂરી પત્રની નકલ પ્રદૂષણ નિયંત્રણ સમિતિ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના મુખ્ય કાર્યાલયમાં ઉપલબ્ધ છે અને તેની વિગતો પર્યાવરણ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના PARIVESH પોર્ટલ https://parivesh.nic.in. પર પણ જોઈ શકાય છે.

IIFL FINANCE

IIFL ફાઇનાન્સ લિમિટેડ | CIN: L67100MH1995PLC093797
નોંધાયેલી કચેરી: IIFL હાઉસ, સન ઇન્ફોટેક પાર્ક, રોડ નં. 16V, પ્લોટ નં. B-23, થાણે ઇન્ડસ્ટ્રિયલ એરિયા, વાગલે એસ્ટેટ, થાણે - 400604.
ટેલિફોન: 022-41035000 • ફેક્સ: 022-25806654 • ટોલ-ફ્રી: 1860-267-3000
ઈ-મેલ: gold-helpline@iifl.com • વેબસાઇટ: www.iifl.com

જાહેર સૂચના – ગીરો મૂકવામાં આવેલ સોનાની હરાજી

આ દ્વારા સંબંધિત ઉધાર લેનાર(ઓ) / કાયદેસરના વારસદાર(ઓ) અને સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે, ભારતીય રિઝર્વ બેંક (RBI) પાસે નોંધાયેલી નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપની, IIFL ફાઇનાન્સ લિમિટેડ ("IIFL"), અહીં ઉલ્લેખિત લોન ખાતાઓમાં ગીરો મૂકવામાં આવેલા સોનાની જાહેર હરાજી કરશે. આ કાર્યવાહી એવા કિસ્સાઓમાં કરવામાં આવશે જ્યાં ઉધાર લેનાર(ઓ)એ સંચારના ઉપલબ્ધ માધ્યમો દ્વારા હરાજીની નોટિસ(ઓ) અને રીમાઇન્ડર્સ મોકલવા છતાં તેમની લોન ખાતાની રકમની ચુકવણી કરી નથી અથવા લોન ખાતાઓને નિયમિત કર્યા નથી. આ પ્રક્રિયા ભારતીય રિઝર્વ બેંક દ્વારા સમય-સમયે જારી કરાયેલ લાગુ પડતી સૂચનાઓ ("RBI સૂચનાઓ"), લોન કરારની શરતો અને IIFLની બોર્ડ દ્વારા મંજૂર ગોલ્ડ લોનની નીતિ અનુસાર હાથ ધરવામાં આવશે.

હરાજીની તારીખ, સમય અને સ્થળ: જાહેર હરાજી **03.12.2026** ના રોજ **સવારે 10:00 વાગ્યાથી** IIFL ની શાખા ખાતે યોજવામાં આવશે, જેનું સરનામું આ મુજબ છે - **દમણ - દમણ કુંતા રોડ, ૧૪-૧૮૨/જી-૧, જી-૨, જી-૩, કથીરિયા, દમણ કુંતા રોડ, આઈ.ડી.બી.આઈ. બેંક સાગર પેટ્રોલ પંપની નજીક, નાની દમણ - ૩૯૬૨૧૦..**

આ હરાજી સમાન જિલ્લામાં આવેલી ધિરાણ આપતી શાખાઓના લોન ખાતાઓ સાથે સંબંધિત છે.

ગોલ્ડ લોન ખાતાની વિગતો: લોન એકાઉન્ટ નંબર- GL43648623, GL43698484.

ચૂકવણીમાં ડિફોલ્ટ કરનારા ઉધાર લેનારાઓનાં નામ, ગીરો મૂકવામાં આવેલા સોનાની વિગતો અને સંબંધિત ધિરાણ શાખાનું સરનામું, ધિરાણ આપતી તે શાખા તથા ઉપર જણાવેલ હરાજી કેન્દ્ર પર દર્શાવવામાં આવ્યું છે અને આ માહિતી IIFL કસ્ટમર કેર 1860-267-3000 અથવા www.iifl.com પરથી પણ મેળવી શકાય છે.

હરાજી પહેલાં ચુકવણી કરવાનો અધિકાર: લોન લેનાર(ઓ)

hubergroup

Shubh Deepavali

May every light illuminate a new possibility.
Wishing you and your loved ones
a bright and joyful Diwali.

Hubergroup India Private Limited T +91 260 715800 E info.in@hubergroup.com www.hubergroup.com

Wishing happy Diwali & Prosperous New year

Best Wishes from Shri Rajnikant Devidas Shroff-Chairman Emeritus & Shroff Family

(UPL Group)

UPL

A Global Leader in Sustainable Agriculture Solutions



SUPERFORM

Superform Chemistries Limited

Smt. Sandraben Shroff Gnyan Dham School

Sandra Shroff College Of Nursing

UPL University of Sustainable Technology

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**